

તુજ ચરણોમાં મનડું મુજ લાગી રહ્યું, અંતરમાંહી લાગ્યો રંગ મજીઠ જો;
તુજ દર્શનની સેવકને નિત ઝંખના, શ્રવણ કરાવો ચિદ્‌રસઝરતા નાદ જો.

* કહાન સંવત-૭ (૫૦૭) * આત્મધર્મ * (અંક : ૭ વર્ષ : ૪૨) વીર સં. ૨૫૧૨ જાન્યુઆરી ૧૯૮૬ *

# આદરણીય 'બાપુજી'ને પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના આશીર્વાદ





રામજીભાઈ મુમુક્ષુ સમાજના 'મુગટમણિ' છે, સભાની શોભા છે. ગમે તેવા કઠિન કાર્યને ઉકેલવાની તેમનામાં શક્તિ છે, તાત્કાલિક નિર્ણય લેવાની શક્તિ છે. સમાજના શિર ઉપર રામજીભાઈ છે ત્યાં સુધી છત્ર છે; તે જતા રહેશે ત્યારે લોકોને ખબર પડશે કે તેમની ઉપસ્થિતિની કેટલી કિંમત હતી. તેમની અનુપસ્થિતિ લોકોને ખટકશે. તેમની સાંભળવાની ને તત્ત્વાભ્યાસની લગની—તેમના પરિણામ—જોતા તેમની ગતિ દેવ સિવાય બીજી હોય ન શકે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

કહાન
સંવત–૬
વર્ષ–૪૨
અંક–૭
[ ૫૦૭ ]

વીર
સંવત
૨૫૧૨
A. D. 1986
JAN.




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## અર્પણતા પૂરી નવ અમને આવડી....
## કરજો ક્ષમા એ દોષની હે નાથ! વિનવું આપને....

સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની પાંચમી સમાધિ તિથિ (કારતક વદ સાતમ) પૂજ્ય ગુરુદેવની અધ્યાત્મ સાધનાપુરીમાં–સુવર્ણપુરીમાં ગુરુદેવ દ્વારા ઉપકાર પામેલ સ્થાનિક અને સમસ્ત મુમુક્ષુ સમાજે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વૈરાગ્ય અને ગુરુભક્તિભીની છાયામાં પાંચ દિવસીય 'ધાર્મિક કાર્યક્રમ' પૂર્વક ઘણી સાદગીથી ઉજવી. અરે! કરાળ કાળે આપણા ઉપકારી ગુરુને આપણાથી છિનવી લીધા, એક યુગ વીતી ગયો, તોપણ શું આપણા તારણહાર ગુરુ ભૂલી શકાય છે? જેમ જેમ વર્ષ વીતે છે તેમ તેમ મુમુક્ષુઓનાં પરમ આધાર ધર્મપિતા ગુરુદેવ અને તેમના અનુપમ ઉપકારોની છબી મુમુક્ષુ હૃદયોમાં ઊંડી અંકિત થતી જાય છે. ગુરુદેવ અને ગુરુદેવનાં ભવાંતકારી અદ્વિતીય ઉપકારોની અકથ્ય મહિમા મુમુક્ષુઓનાં જીવનમાં સદાય જાગૃત રાખવામાં પ્રેરણાની દેવી છે ગુરુભક્ત ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન.

અહા! ગુરુદેવનાં અનુપમ ઉપકારોની કથા કેમ કહી શકાય? તેઓએ મુમુક્ષુ-સમાજને જન્મ દીધો, ભગવત્ કુંદકુંદ આચાર્યદેવપ્રદર્શિત શુદ્ધ અધ્યાત્મમાર્ગને ઉદ્ઘાટીત કર્યો, નિશ્ચય-વ્યવહારના સુમેળસ્વરૂપ મહાવીર જિનશાસનનાં રહસ્યો પ્રકાશિત કર્યા, મુમુક્ષુઓનાં હૃદયમાં વીતરાગ દેવ–શાસ્ત્ર–ગુરુની અનુપમ મહિમા અંકિત કરી કે જેના ફળસ્વરૂપે ગામેગામ દિગમ્બર જિનમંદિર અને સ્વાધ્યાયમંદિર

બની ગયા, મુમુક્ષુ સમાજમાં સ્વાધ્યાય અને તત્ત્વાભ્યાસની નવી રીત રસમો ચલાવી અને સમ્યક્‌જ્ઞાન-વૈરાગ્યભીની સાધનાનો પૂર્વે નહીં સાંભળેલ એવો અનુપમ માર્ગ દેશ-વિદેશમાં પ્રસારિત કર્યો. સાચે જ ગુરુદેવે આ કળિકાળમાં તીર્થંકરનાં ઉદાહરણ રૂપે કાર્ય કરેલ છે. જ્યાં એક વ્યક્તિને પણ ધર્મપરિવર્તન કરાવવું લોઢાનાં ચણા ચાવવા બરાબર મુશ્કેલ બની જાય છે ત્યાં આપની આધ્યાત્મિક પવિત્રતા અને અસાધારણ પ્રભાવનાનાં યોગથી હજારો સ્થાનકવાસીઓ અને મૂર્તિપૂજક શ્વેતામ્બર જૈનો, અનેક ખેડૂતો, સુતાર, દરજી, હરિજન વગેરે જૈનેતર અને હજારો રુઢિચુસ્ત જન્મજાત દિગંબરોનું અધ્યાત્મપ્રધાન શુદ્ધ આમ્નાયમાં પરિવર્તન કરવું એ શું તીર્થંકરનાં નમૂનારૂપ ન કહી શકાય? હકીકતમાં ગુરુદેવે આ ભારતવર્ષમાં જન્મ લઈ ને એક અદ્‌ભુત ઉપકાર કરેલ છે.

પૂજ્ય ગુરુદેવનો સાતિશય મહાન ઉપકાર તો એ છે કે તેઓશ્રીએ મોક્ષમાર્ગનાં મૂળભૂત વિષયોમાં પ્રવર્તતી અનેક ગુંચવણોને પોતાના સ્વાનુભવસમૃદ્ધ જ્ઞાનનાં બળથી ઘણી આસાનીથી ઉકેલીને, આત્મસાધના માટે ઉદ્યમી આત્માર્થીઓને, સર્વ આગમના મંથનના સારરૂપ ગહન-સિદ્ધાંતો દ્વારા, સૂક્ષ્મ કર્તૃત્વરૂપ અટકને ઓળંગીને જ્ઞાયકનો પુરુષાર્થ ઉપાડવાની કળા બતાવીને આત્માર્થીઓના ભવના અભાવના આ ભવને સાર્થક કર્યો છે. દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, સર્વજ્ઞસ્વભાવ, પ્રતિસમય પોતાના સ્વભાવ-વિભાવ પરિણમનમાં પ્રત્યેકનું સંપૂર્ણ સ્વાતંત્ર્ય, ભિન્ન-અભિન્ન કારક, ત્રિકાળી શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય અને તેની અનુપમ મહિમા, સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ અને વીતરાગ મોક્ષમાર્ગ વગેરે બધા જ મુખ્ય વિષયો ઉપર યથાયોગ્ય પ્રકાશ પાડીને મુમુક્ષુઓ માટે માર્ગ ખૂબ જ સ્પષ્ટ કરી દીધો. પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ગુરુભક્તિભીના શબ્દોમાં કહીએ તો :—

'કૃપાળુ ગુરુદેવ ભક્તોના જીવનાધાર હતા, જીવન-વડવૈયા હતા. તેઓ ચાલ્યા ગયા. હવે તેમના પરોક્ષપણામાં ભક્તોએ તેમની આજ્ઞા પ્રમાણે ચાલી, આગળ વધવાનું રાખવું. ગુરુદેવે સમજાવેલા તત્ત્વને સૂક્ષ્મપણે વિચારી, શુભાશુભ ભાવથી પણ ભેદજ્ઞાન કરી, શુદ્ધાત્માને ગ્રહણ કરવો.'

'ગુરુદેવ તો ગુરુદેવ જ હતા. તેઓ (ભાવીના) શલાકાપુરુષ હતા. તેમને અંદરમાં ચૈતન્યચમત્કાર પ્રગટ્યો હતો. તેમની દિવ્ય મુખમુદ્રા ઉપર જ્ઞાન-વૈરાગ્યની નિસ્પૃહતા ભરી ખુમારી દેખાતી. તેમની આંખોમાં ચૈતન્યનું તેજ ને ચમત્કૃતિ હતી. તેમનો દેદાર જોતાં જ એમ લાગે કે આ મહાપુરુષ છે.'

'ગુરુદેવ વગરનું તો બધું સૂનું લાગે છે. ગુરુદેવ તો ગુરુદેવ જ હતા. તેમની

વાણી કોઈ અપૂર્વ હતી. તેમની વાણી પાછળ ચૈતન્ય જ દેખાતું હતું. તે માર્ગે જ ચાલવાનું છે...'

'...ગુરુદેવ બિરાજતા હતા ત્યારની વાત તો કોઈ જુદી જ હતી. ગુરુદેવને લઈને આખું ભરતક્ષેત્ર શોભાયમાન હતું. આવે છે ને—હે ભગવાન! આપ જે નગરીમાં પધાર્યા તે નગરીની શોભા સ્વર્ગથી પણ અધિક લાગતી હતી, ને જ્યારે આપ દીક્ષા લઈને વનમાં ચાલ્યા ગયા ત્યારે તે નગરી સાવ સૂની થઈ ગઈ હતી; તેમ ગુરુદેવ —તીર્થંકર જેવા ધર્મપુરુષ—બિરાજતા હતા ત્યારે આ ભરતક્ષેત્રની શોભા જુદી જ લાગતી.'

'આવા કાળે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ આત્મા પ્રાપ્ત કર્યો તેથી પરમ પૂજ્ય ગુરુદેવ એક 'અચંબો' છે. આ કાળે દુષ્કરમાં દુષ્કર પ્રાપ્ત કર્યું; પોતાનાં અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો અને બીજાને માર્ગ બતાવ્યો. તેમનો મહિમા આજે તો ગવાય છે પણ હજારો વર્ષ સુધી પણ ગવાશે.'

'....ગુરુદેવની શ્રુતની ધારા કોઈ અનેરી જ છે. તેઓએ આપણને તરવાનો માર્ગ બતાવ્યો. પ્રવચનમાં કેટલું ઘોળીઘોળીને કાઢે છે. એમના પ્રતાપથી સંપૂર્ણ ભારતમાં ઘણા જીવો મોક્ષમાર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પંચમકાળમાં આવો સુંદર યોગ પ્રાપ્ત થયો એ આપણું પરમ સદ્ભાગ્ય છે. જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો જ છે. ગુરુદેવ ગુણોથી ભરપૂર છે. મહિમાવંત છે. એમના ચરણકમળની સેવા હૃદયમાં વસી રહો.' આહા! સાતિશય મહિમાવાળા ગુરુદેવનાં ઉપકારોનું કીર્તન ક્યાં સુધી કરી શકીએ?

"અહો! ઉપકાર જિનવરનો, કુંદનો, ધ્વનિદિવ્યનો;
જિન-કુંદ-ધ્વનિ આપ્યાં, અહો! તે ગુરુકહાનનો."

આ પંચમ વાર્ષિક સમાધિતિથિનાં અવસરે મુમુક્ષુ જગતના તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીનાં અનન્ત અનુપમ ઉપકારોનું સ્મરણ કરતાં કરતાં એ પરમપુરુષને ત્રિયોગથી ઉપકૃતતા-ભાવભીની કોટી કોટી વંદના.

# ક્રમબદ્ધપર્યાય દ્વારા અકર્તાપણું

[ શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

શ્રી સમયસાર શાસ્ત્રમાં સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર શરૂ કરતાં આચાર્યદેવ ક્રમબદ્ધની ગાથા દ્વારા જીવનું અકર્તાપણું સિદ્ધ કરે છેઃ—

જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી તેથી જાણ અનન્ય તે,
જ્યમ જગતમાં કટકાદિ પર્યાયોથી કનક અનન્ય છે. ૩૦૮.
જીવ અજીવના પરિણામ જે દર્શાવિયા સૂત્રો મહીં,
તે જીવ અગર અજીવ જાણ અનન્ય તે પરિણામથી. ૩૦૯.
ઊપજે ન આત્મા કોઈથી તેથી ન આત્મા કાર્ય છે,
ઉપજાવતો નથી કોઈને તેથી ન કારણ પણ ઠરે. ૩૧૦.
રે! કર્મ-આશ્રિત હોય કર્તા, પણ કર્તા તણે
આશ્રિતપણે ઊપજે નિયમથી, સિદ્ધિ નવ બીજી દીસે. ૩૧૧.

પ્રથમ તો એ વાત કહેવી છે કે જે ભગવાન આત્મા છે તેમાં જે પર્યાય થાય છે તે ક્રમબદ્ધ થાય છે, જેમ માળામાં મણકા ક્રમબદ્ધ હોય છે તેમ જીવમાં જે સમયે જે પર્યાયની ઉત્પત્તિનો કાળ છે તે સમયે તે પર્યાય ઉત્પન્ન થાય છે. માળામાં મોતી ક્રમસર છે તેમ આત્મામાં પર્યાય ક્રમસર છે. માળામાં જે મણકો જ્યાં હોય ત્યાં જ હોય છે તેમ આત્મામાં પર્યાય એક પછી એક ક્રમસર છે, જે સમયે જે પર્યાય થવાની હોય તે જ થાય, બીજે સમયે જે થવાની હોય તે જ થાય, ત્રીજે સમયે જે પર્યાય થવાની હોય તે જ થાય, ક્રમબદ્ધ પર્યાય થાય.

### * માળાના મણકાના દૃષ્ટાંતે ક્રમબદ્ધ પર્યાય *

જેમ માળામાં મણકા જે સ્થાને છે તે સ્થાને જ છે, આગળ-પાછળ થઈ જાય તો માળા એકરૂપ અખંડ નથી રહેતી, તેમ જે સમયે જે જન્મક્ષણે જે ક્રમબદ્ધ પર્યાય થવાની તે જ થવાની, બીજા સમયની પર્યાય પહેલા થાય ને પહેલા સમયની પર્યાય પછી થાય એમ છે જ નહીં. જે સમયે જે પર્યાય થવાની છે તેને કાળલબ્ધિ કહેવામાં આવે છે. પ્રવચનસારમાં તેને જન્મક્ષણ કહે છે, તથા પ્રવચનસારની ૯૯ મી ગાથામાં પોતપોતાના અવસરે પર્યાય થાય છે એમ પાઠ છે. સર્વજ્ઞ ભગવાન પણ પોતાની ક્રમસર જે પર્યાય થવાની તેના કર્તા નથી, જાણનાર છે.

મુદ્દાની વાત એ છે કે ભગવાન આત્મા ત્રિકાળી ધ્રુવ હોવા છતાં તેમાં જે પર્યાય થાય છે તે ક્રમસર થાય છે. રાગની અવસ્થા હો કે સમકિતની અવસ્થા હો, પણ તે ક્રમસર થાય છે. જેમ ત્રિકાળી વસ્તુ એકરૂપ છે તેમ પર્યાયનું રૂપ ક્રમસર છે, જે સમયે જે પર્યાય થવાની તે ક્રમસર થવાની એવું તેનું રૂપ છે. જડમાં પણ જે સમયે જે પર્યાય થવાની તે થવાની અને તે ક્રમસર જ થવાની. આત્મામાં અજ્ઞાનપણે જે પર્યાય ક્રમસર થાય તેનો અજ્ઞાની કર્તા થાય છે, ધર્મીને જે ક્રમસર રાગાદિ આવે છે તેનો તે કર્તા ન થતાં જ્ઞાતા જ રહે છે.

મુખ્ય વાત તો એ છે કે ભગવાન આત્મા ત્રિકાળી વસ્તુ તરીકે તો પર્યાયથી રહિત છે છતાં પર્યાયાર્થિકનયથી તેનું જે પરિણમન છે તે ક્રમસર થાય છે, આઘી પાછી થતી નથી, તો પછી પુરુષાર્થ ક્યાં રહ્યો? કે ક્રમસર થશે એવો નિર્ણય ક્યારે થાય?—પર્યાયમાં રહીને પર્યાયનો નિર્ણય ન થાય, જ્ઞાયકસ્વભાવના લક્ષે ક્રમબદ્ધનો નિર્ણય થાય અને તે જ પુરુષાર્થ છે. જે પર્યાય થવાની હશે તે થશે તેનો નિર્ણય કોણે કર્યો?–કે ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો જેણે નિર્ણય કર્યો છે તેને 'જે થવાનું હશે તે થશે' એવો સાચો નિર્ણય આવે છે.

જીવને જે સમયે જે પર્યાય થવાની હોય તે જ થાય અને જે પર્યાય થાય તેનો તે ઉત્પત્તિનો કાળ છે તે જન્મક્ષણ છે, તે કાળલબ્ધિ છે. જે પર્યાય થાય તેને વ્યયની અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી ને દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી, પર્યાયના ષટ્કારકો વડે તે પર્યાય સ્વતંત્ર ઉત્પન્ન થાય છે. તેથી તારી જે સમયે જે પર્યાય થાય, બાપુ! તેનો તું કર્તા કેમ થાય છે? એક પછી એક ક્રમે અને નિશ્ચયથી જે પર્યાય થવાની હોય તે જ થાય. એક સમયે જે પર્યાય થવાની હોય તે થાય, બીજે સમયે જે પર્યાય થવાની હોય તે થાય, એમ અનાદિ અનંત ક્રમસર નિશ્ચિતપણે થાય.

## * જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઉપજતો થકો જીવ જ છે. *

જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજે છે, જે કાળે જે પર્યાય થઈ તે જીવ જ છે તે અજીવથી થઈ છે કે પરથી થઈ તેમ નથી. વિકારની પર્યાય થઈ છે તે કર્મોથી થઈ છે કે સમ્યગ્દર્શનની પર્યાય થઈ તે દર્શનમોહકર્મના અભાવથી થઈ છે તેમ નથી, તેમજ પૂર્વ પર્યાયના વ્યયને લઈ ને થઈ છે તેમ નથી. જે સમયે જે પર્યાય થવાની હતી તે પરના કર્તા વિના મારાથી મારામાં થઈ છે. તે કાળે પર્યાય થવાની હતી તે જીવ જ છે, એટલે કે તે અજીવથી થઈ નથી અને ત્રિકાળીનું વર્તમાનપણે ઊપજવું પોતાથી જ છે.

જે સમયે જે પર્યાયનું થવું તે સત્ છે. સામાન્ય વસ્તુ છે તે, તે સમયના વિશેષનાં પર્યાયમાં ઊપજે છે. જીવ છે તે તો તેની ક્રમબદ્ધ પર્યાયમાં ઊપજે છે. તે–તે

સમયની અવસ્થાની વ્યવસ્થાનો કરનારો તે દ્રવ્ય પોતે છે, બીજો દ્રવ્ય તે કરાવતો નથી, બીજા દ્રવ્યના કરાવ્યા વિના પર્યાય ઉત્પન્ન થાય છે, પૂર્વની પર્યાયના વ્યયથી નહીં પણ તે તે સમયે ઉત્પાદ ઉત્પાદના કારણે થાય છે. સમ્યગ્દર્શનની પર્યાય થાય છે તે તેના કાળે જ થાય છે અને તેની નોંધ કેવળજ્ઞાનમાં છે. જે સમયે જે પ્રકારની જે પર્યાય જ્યાં થાય તેની નોંધ કેવળજ્ઞાનમાં છે. કેવળજ્ઞાનની એક સમયની પર્યાય ત્રણલોકની ત્રણકાળની પર્યાયોને પ્રત્યક્ષ જાણે છે. જે પર્યાય થઈ નથી તેને પણ ભવિષ્યમાં જે વખતે થશે તેવી વર્તમાનમાં પ્રત્યક્ષ જાણે છે. નિગોદનો જીવ કયે સમયે સિદ્ધ થવાનો છે તેને કેવળી વર્તમાનમાં પ્રત્યક્ષ જાણે છે. કેવળજ્ઞાનનો જેને આવો નિર્ણય થાય તેની દૃષ્ટિ પર્યાયમાંથી ખસીને દ્રવ્યમાં જાય અને તેના ભવ ભગવાને દીઠા નથી. કેવળજ્ઞાનીની હયાતીનો સ્વીકાર જેને આવે તેને જ્ઞાનસ્વભાવનો નિર્ણય આવ્યા વિના રહે નહીં. અનાદિ અનંત જે સમયે જે પર્યાય થવાની છે તે ત્યારે જ થશે. અનંત પર્યાયનો તે સમયનો તે કાળ આઘો-પાછો ન થાય, ક્રમસર જ થાય.

અહીં તો કહે છે કે બીજાના કર્તાપણા વિના ક્રમસર પર્યાય થઈ તે જીવ જ છે, અજીવ નથી એટલે કે પોતાના પરિણામ વ્યવસ્થિત થાય તેનો કર્તા જીવ જ છે, બીજો કોઈ તેનો કર્તા નથી. જીવ જ પોતાના પરિણામનો કર્તા બીજાની સહાય વિના થાય છે.

## * અજીવ પણ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે *

એવી રીતે અજીવ પણ પોતાના ક્રમબદ્ધ પરિણામોથી ઊપજતું અજીવ છે. માટીમાંથી ઘડાપણે થવામાં માટી પોતાના પરિણામોથી ઊપજે છે, તેનો કર્તા કુંભાર નથી. ઘઉંના લોટની સેવની કર્તા સ્ત્રી નથી કે પાટલી આદિ કર્તા નથી. પૂડલાનો કર્તા સ્ત્રી નથી. પૂડલો તો પરમાણુંનો પિંડ અજીવ છે, અજીવના પરિણામોમાં ઊપજતું થકું તે અજીવ જ છે, અજીવના પરિણામોનો કર્તા અજીવ જ છે. અક્ષરના પરિણામનો કર્તા લખનાર તો નથી પણ કલમ તેનો કર્તા નથી. પરમાણું પોતે પરિણામનો કર્તા છે. જે સમયે જે પર્યાય થવાની તે થવાની—એવું તો પર્યાયનું સામર્થ્ય છે, તો નિરપેક્ષ એવા ધ્રુવ દ્રવ્યના સામર્થ્યની તો શી વાત કરવી?—એની દૃષ્ટિ થવી તે જ તાત્પર્ય છે. ઠંડા પાણીમાં ચોખા ન ચઢે-ન પાકે, ગરમ પાણીમાં પાકે,-તો અહીં કહે છે કે જે કાળે ચોખા પાકવાના હોય તે કાળે જ પોતાની પર્યાયના ક્રમસરમાં પોતાથી પાકે છે, તેમાં પાણી તેનો કર્તા નથી. ગરમ પાણીની ઉપસ્થિતિ હો તો ભલે હો. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ જ ન કરે એમ જ્ઞાતા-દૃષ્ટા રહેવું તે જીવનો સ્વભાવ છે અને તે જ્ઞાતા-દૃષ્ટાપણું જીવના પોતાથી છે જ્ઞેય છે માટે છે તેમ પણ નથી.

કોઈ કહેશે કે પાણીમાં જેવો રંગ નાખીએ તેવો રંગ થાય, અહીં કહે છે કે

તે સમયે પાણીનો લીલો રંગ થયો તે પાણીના પોતાથી જ છે. તેમાં બીજું દ્રવ્ય–રંગ તેનો કર્તા નથી. શીરો થાય છે તે રજકણોની ક્રમબદ્ધ પર્યાયના કારણે થાય છે, તેનો કર્તા સ્ત્રી નથી. કુંભાર ઘડો કરે છે તેમ ત્રણકાળમાં નથી. શરીર–વાણી–મનની ક્રિયાનો જીવ કર્તા નથી, અનુમોદક નથી, કારક નથી. મેં આહાર છોડયો ને ઉપવાસ કર્યો—તે તે જ સમયે થવાની હતી તે ક્રિયા થઈ છે, પણ ત્યાગ–ગ્રહણ જીવનો સ્વભાવ નથી.

## * સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્યપણું *

જે સમયે જે જીવના જે પરિણમન થવાના તે થવાના, તે પરિણામે ઊપજતો તે જીવ છે, અજીવ નથી એટલે કે તેનો કર્તા અજીવ નથી. સમ્યગ્દર્શનના શુદ્ધ પરિણામે ઊપજતો તે જીવ છે, તે પરિણામને દેવ–શાસ્ત્ર–ગુરુએ કરાવ્યા નથી, એ કાર્યનો કર્તા જીવ છે; તે જીવનું એ પરિણામ કાર્ય છે. પરમાણુ જડના ક્રમબદ્ધ થતાં પરિણામોથી ઉપજતા પરમાણુ જ છે. કંકણાદિ અવસ્થારૂપ થવું તે સુવર્ણ છે, તેને સોની કરતો નથી. જે અવસ્થારૂપે થવાનું હતું તે–રૂપે જ થાય છે. સોનું તેની કુંડળ આદિ ક્રમબદ્ધ અવસ્થારૂપે જે કાળે જે થવાનું હતું તે જ થાય છે. કુંડળ આદિ અવસ્થા સાથે સોનું તાદાત્મ્ય છે તેમ દરેક દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય—એકરૂપપણું છે.

## * સ્વ પરિણામનો કર્તા હોવા છતાં પર સાથે કાર્યકારણભાવનો અભાવ *

એ રીતે જીવને પોતાના પરિણામ સાથે તાદાત્મ્યપણું હોવાથી આત્મા પોતાના પરિણામના કાર્યનો કર્તા છે તોપણ તે શરીર–વાણી આદિના કાર્યને કરે ને આત્મા તેનું કારણ થાય એમ નથી. અજીવનું કાર્ય જીવ કરે એમ સિદ્ધ થતું નથી, કેમ કે દરેક રજકણને, દરેક આત્માને, અન્ય દ્રવ્ય સાથે પરિણામ કાર્ય ને અન્ય દ્રવ્ય કારણ એમ બનતું નથી. માટીનો ઘડો થવામાં ઘડો તે કાર્ય ને માટી તે કારણ છે. પણ કુંભાર તેનું કારણ બને એમ છે જ નહીં. પરની દયા એટલે કે બીજા જીવનું આયુષ્ય ટકવું તે કાર્ય અને અન્ય જીવ તેનું કારણ એમ છે જ નહીં.

દરેક જીવને, દરેક રજકણને ને ધર્માસ્તિ આદિ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે કાર્ય–કારણપણું છે જ નહીં. જીવ ગતિ કરે તેમાં જીવની ગતિ તે કાર્ય અને ધર્માસ્તિ તેનું કારણ છે એમ નથી. વાણી બોલવી તે ઉત્પાદ્ય ને રાગ તે ઉત્પાદક છે એમ નથી. રાગ થાય તે ઉત્પાદ્ય અને નિમિત્ત તેનો ઉત્પાદક એવું છે જ નહીં, કેમ કે ઉત્પાદ્ય–ઉત્પાદક અભિન્ન હોય. લાકડી ઊંચી થવી તે કાર્યનો ઉત્પાદ છે ને આંગળી તેનું કારણ–ઉત્પાદક છે એમ નથી. ભગવાનની પ્રતિમાની સ્થાપના તે પરમાણુનું કાર્ય છે અને તેનું કારણ જીવ છે એમ નથી.

પ્રત્યેક સમયે પોતાના પરિણામપણે ઊપજે તે કાર્ય છે ને તેનો કર્તા જીવ છે, પોતાનું કાર્ય છે તોપણ જીવ પરનું કાર્ય કરી શકતો નથી, કેમ કે કોઈ પદાર્થ નકામો નથી એટલે કે પ્રત્યેક પદાર્થ પ્રત્યેક સમયે પોતાના પરિણામરૂપ કાર્ય કરે છે, તેથી જીવ કોઈનું કાર્ય કરે એમ નથી બનતું. દરેક સમયે દરેક પદાર્થ પોતાનું કાર્ય કરે છે અને જીવ પણ તે સમયે પોતાની પર્યાયરૂપ કાર્ય કરે છે પરંતુ જીવ પોતાના પરિણામરૂપી કાર્ય કરે ને બીજાનું પણ કાર્ય કરે એમ નથી.

ભગવાને જાતિ તરીકે છ દ્રવ્ય જોયા અને સંખ્યા તરીકે અનંત દ્રવ્ય જોયા, સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે કાર્યકારણપણું છે તેમ નથી. બે ગુણવાળો પરમાણુ ૪ ગુણવાળો થાય તે પરમાણુનું કાર્ય અને બીજો ૪-ગુણવાળો પરમાણુ તેનું કારણ એમ છે જ નહીં. શરીરની ઇન્દ્રિયોની જે ચેષ્ટાઓ થાય તે જડનું કાર્ય છે ને એમાં અજ્ઞાનીનો રાગ કારણ છે એમ છે જ નહીં.

એક-એક રજકણના કાર્યનું બીજો રજકણ કારણ નથી. શ્વાસોશ્વાસ એ જડનું ઉત્પાદ્ય છે પણ આત્મા પ્રેરણા કરે તો શ્વાસોશ્વાસ ચાલે તેમ નથી. કેવળજ્ઞાની ત્રિલોકનાથ એમ ફરમાવે છે કે જે જે દ્રવ્યનો જે જે ઉત્પાદ થાય તેમાં બીજું દ્રવ્ય ઉત્પાદક થઈને તે કાર્ય થયું છે તેમ નથી. જીવને વિષયોમાં જે સુખપણું ભાસે છે તેમાં વિષયો અકિંચિત્કર છે. મોઢામાં સાકર પડી છે તે સાકર જીવને મીઠાશનો રાગ ઉત્પન્ન કરાવે છે તેમ નથી.

શીરો થવામાં અગ્નિ કે તવો હોવાથી થયો છે તેમ નથી. શીરો થવામાં તેના રજકણો કારણ છે પણ અગ્નિ, તવો કે સ્ત્રીનો વિકલ્પ તેનું કારણ નથી. પ્રત્યેક સમયે તે-તે દ્રવ્યની તે-તે પર્યાય થવાની તે તેનું કાર્ય છે પણ તેનું કારણ અન્ય દ્રવ્ય નથી. ભગવાને જેવું જોયું છે તેવું ભાખે છે, તોપણ વાણીનું કારણ સર્વજ્ઞ નથી, વાણીના રજકણોનો ક્રમબદ્ધપણે ભાષાવર્ગણારૂપે થવાનો તે કાળ હતો પણ વાણીના કાર્યનું ભગવાન કારણ નથી.

## * સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ *

પ્રત્યેક સમયે પરદ્રવ્યનાં ઉત્પાદ્યનો આત્મા ઉત્પાદક નથી, પ્રત્યેક દ્રવ્યનાં પ્રત્યેક સમયનાં ઉત્પાદ્યનો જન્મક્ષણ છે, તેનો ઉત્પાદક અન્ય દ્રવ્ય નથી, પ્રત્યેક સમયમાં પ્રત્યેક દ્રવ્ય પોતાનો કાર્યનો કર્તા છે તેથી બીજો દ્રવ્ય તેનો ઉત્પાદક બને તેમ બનતું નથી. એક દ્રવ્યના ઉત્પાદ્યનો ઉત્પાદક અન્ય દ્રવ્ય બને તેમ બનતું નથી.

બાહ્યના કાર્યમાં જીવની બુદ્ધિ ઉત્પાદક અને તે કાર્ય ઉત્પાદ્ય છે એમ નથી. પ્રત્યેક પરમાણુ અને પ્રત્યેક આત્મા પોતાની પર્યાયમાં સ્વતંત્રપણે ઊપજે છે, તેમાં

અન્ય દ્રવ્ય કર્તા નથી: એક દ્રવ્ય ઉત્પાદ્ય ને અન્ય દ્રવ્ય ઉત્પાદક હોય એમ બનતું નથી. આ સિદ્ધાંત બેસે તો કર્તાપણાની ભ્રમણા છૂટી જાય.

ક્રમબદ્ધ સિદ્ધ કરવાનો હેતુ અકર્તાપણું બતાવવું છે. એક તત્ત્વના પરિણામ બીજું તત્ત્વ કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. જે સમયે જે દ્રવ્યની જે ક્રમબદ્ધપર્યાય થાય છે તેનો કર્તા અન્ય દ્રવ્ય નથી એમ કહીને સિદ્ધ એમ કરવું છે કે જીવ છે તે રાગનો કર્તા નથી, જીવ તો જ્ઞાન–શ્રદ્ધા–આનંદનું કાર્ય કરે છે.

કુંભાર ઘડો કરતો નથી, કંદોઈ મીઠાઈ કરતો નથી, હોશિયાર સ્ત્રી સારી રસોઈ કરી શકતી નથી. ત્રણકાળ–ત્રણલોકને જોનાર સર્વજ્ઞ એમ કહે છે કે જેમ જીવનું કાર્ય અજીવનું નહીં ને અજીવનું કાર્ય તે જીવનું નહીં તેમ દરેક દ્રવ્યોનું કાર્ય અન્ય દ્રવ્યનું નથી. દરેક દ્રવ્યનાં પરિણામ તે–તે કાળે જે થવાના હતા તે થયા તેનો કર્તા અન્ય દ્રવ્ય નથી.

જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં એટલે કે પરિણામપણે ઊપજે છે તે તેનું કાર્ય તો છે છતાં કર્મની પર્યાય જીવ કરે કે શરીરની પર્યાય જીવ કરે એમ અજીવના કાર્યનું કારણ જીવ થાય એમ કોઈ રીતે સાબિત થતું નથી, કારણ કે એક દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય–ઉત્પાદકનો અભાવ છે, કેમકે કારણ-કાર્ય અભેદ હોય. તેથી પરદ્રવ્યને મારી જીવાડી શકે—એ કાર્ય જીવ કરી શકે એમ સિદ્ધ થતું નથી. નિત્ય વસ્તુ પોતાનાં પરિણામપણે ઊપજે છે તે તેનું કાર્ય છે, છતાં પરદ્રવ્યના કાર્યને કરી શકતો નથી, કેમકે જીવ પોતાના પરિણામરૂપ કાર્ય કરે છે ત્યાં બીજાનું કાર્ય કેમ કરે? પોતાનું કાર્ય જીવ કરે છે પણ પરદ્રવ્યનું કાર્ય કરે છે એમ કોઈ રીતે સિદ્ધ થતું નથી.

જીવ જ્ઞાન ને આનંદના પરિણામે ઊપજતો થકો રાગના પરિણામનું કારણ નથી. ચૈતન્યપ્રકાશસ્વરૂપ અતીન્દ્રિય આનંદના સ્વભાવથી પૂર્ણ ભરેલો ભગવાન છે, તેને દૃષ્ટિમાં લીધો છે એવો જીવ જ્ઞાતા–દૃષ્ટાના પરિણામે ઊપજવા છતાં રાગના કાર્યનો કર્તા નથી. જે જીવ અનુભવના કાર્યપણે ઊપજ્યો તે રાગના કાર્યપણે ઊપજે એમ બનતું નથી, કારણ કે વિકારરૂપ પરિણમે એવી તેની કોઈ શક્તિ નથી. જીવ કર્તા એટલે કે કારણ અને વીતરાગી પર્યાય તે તેનું કાર્ય એવું હોવા છતાં રાગના કાર્યનું કારણ જીવ નથી કે પરદ્રવ્યના કાર્યનું કારણ જીવ નથી, કારણ કે અનંતા દ્રવ્યો છે તેને પૃથક્ માનવા હોય તો એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરે તો બે દ્રવ્યો એક થઈ ગયા—અનંત દ્રવ્યો પૃથક્ ન રહ્યા.

ધીમે કે જલ્દી ચાલવાની ક્રિયાનો કર્તા જીવ છે કે જીવ પ્રેરે છે તેમ ત્રણ કાળમાં બનતું નથી. શ્વાસ લેવાનું કાર્ય જીવનું ને જીવ કારણ છે તેમ કોઈ રીતે બનતું નથી, કોઈ રીતે સાબિત થતું નથી એમ પરમાત્મા કહે છે. સ્વભાવ વિભાવનું

કાર્ય કરે તે કોઈ કાળે સિદ્ધ થતું નથી. કર્મ-બંધનનું કાર્ય જીવ કરે તે વાત સાબિત થતી નથી.

પ્રભુ! ધીરો થા! તારું સ્વરૂપ તો જ્ઞાન સ્વરૂપ છે ને! તે પરનું શું કરે? આંખ પરનું શું કરે? તેમ જ્ઞાન પરનું શું કરે?—એ તો જાણે, શરીરનું ચાલવું કે કર્મ બંધનું કાર્ય કે દયા-દાન આદિના વિકલ્પોનું કાર્ય તે જીવનું કાર્ય છે એમ સિદ્ધ થતું નથી. મહાવ્રતના પરિણામ તે અચેતન છે, તે ચેતનનું-જીવનું કાર્ય નથી.

અજીવના કાર્યને જીવ કરે છે તેમ સિદ્ધ થતું નથી અને તેથી અજીવની દશારૂપી કાર્યને જીવનું કર્મપણું સિદ્ધ થતું નહીં હોવાથી કર્તાકર્મનું નિરપેક્ષપણું સિદ્ધ થાય છે. રોટલી પાકવામાં અગ્નિની અપેક્ષા છે જ નહીં. તે-તે ક્રમબદ્ધના કાર્યકાળમાં અન્ય દ્રવ્યની અપેક્ષા છે જ નહીં. કોઈ પણ દ્રવ્યની જે કોઈ ક્રિયા થાય તેનો આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે, કર્તા છે જ નહીં-એમ અકર્તાપણાની સિદ્ધિ કરે છે.

નિમિત્તની અપેક્ષાએ નૈમિત્તિકનું કાર્ય થાય એમ નથી. ભગવાનની વાણી સાંભળતા જે જીવને સમ્યગ્દર્શન થાય તેમાં સમ્યગ્દર્શનના કાર્યને ભગવાનની વાણીની અપેક્ષા નથી કે જેને લઈને સમ્યગ્દર્શન થાય. અરે! મનુષ્યપણામાં કેવળજ્ઞાન થાય છતાં કેવળજ્ઞાનને મનુષ્યપણાની અપેક્ષા નથી. ક્રમબદ્ધમાં જે પર્યાય થવાની તે પર્યાયમાં પરની અપેક્ષા નથી. દરેક જડ-ચેતનમાં ક્રમબદ્ધ થતી પર્યાયમાં અન્યની અપેક્ષા નથી. તેની ક્રમબદ્ધપર્યાયનો તે કાળ જ હતો, તેમાં પરદ્રવ્યની અપેક્ષા છે જ નહીં.

અજીવના કાર્યને જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી, અજીવના પરિણામનું-કાર્યનું જીવને ઉત્પાદકપણું-કારણપણું સિદ્ધ થતું નથી અને અજીવના કાર્યનું કર્મપણું જીવને સિદ્ધ ન થતાં કર્તાકર્મની અન્યનિરપેક્ષપણું સિદ્ધ થાય છે એટલે કે સમ્યગ્દર્શનના કાર્યમાં દર્શનમોહકર્મનો અભાવ છે માટે સમ્યગ્દર્શન થયું એવું અપેક્ષાપણું સિદ્ધ થતું નથી. અનેરા દ્રવ્યની અપેક્ષા વિના જ સ્વદ્રવ્ય કર્તાપણે કાર્ય કરે છે. સમ્યગ્દર્શનરૂપી ધર્મના કાર્યનો-ઉત્પાદ્યનો કર્તા આત્મા છે કેમકે આત્મા ઉપર દૃષ્ટિ જતાં સમ્યગ્દર્શન થાય છે, આત્મા કર્તા અને સમ્યગ્દર્શન કાર્ય છે કારણ કે કર્તા-કર્મ અભિન્ન હોય.

રાગનો કર્તા ને રાગ કાર્ય એ વાત અહીં સિદ્ધ નથી કરવી પરંતુ વ્યવહાર-રત્નત્રયના રાગના કાળે પોતાના જ્ઞાનની સ્વપર-પ્રકાશક પર્યાય ઉત્પન્ન થાય છે તેનો કર્તા આત્મા અને જ્ઞાનની પર્યાય તેનું કાર્ય છે એમ કહે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ છે તે પરમ નિરપેક્ષ છે તેમ નિયમસાર ગાથા-૨ માં કહ્યું છે. પોતાના દ્રવ્યમાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળ પરિણતિ થઈ તે પરમ નિરપેક્ષપણે થઈ છે, તેનો કર્તા આત્મા છે પણ તેના કાર્યમાં—પરિણામમાં વ્યવહારરત્નત્રયાદિની

[ અનુસંધાન માટે જુઓ પાનું ૧૮ ]

# અબંધસ્વભાવી આત્માની દૃષ્ટિથી કર્મબંધનનો ક્ષય થાય છે

શ્રી યોગસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન

( સળંગ પ્રવચન નં. ૩૭ )

આ શ્રી યોગસારજી શાસ્ત્ર ચાલે છે. ૯૧ મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે આત્મામાં સ્થિરતા કરવી એ જ સંવર નિર્જરાનું કારણ છે.

અજર, અમર, બહુ ગુણનિધિ, નિજરૂપે સ્થિર થાય;
કર્મબંધ તે નવ કરે, પૂર્વબદ્ધ ક્ષય થાય. ૯૧.

જુઓ ! શું કહે છે મુનિરાજ ? આત્મા અજર અમર છે. અમર એટલે શાશ્વત ધ્રુવ અકૃત્રિમ–અણકરાયેલી ચૈતન્યમૂર્તિ છે. તેને કદી જીર્ણતા લાગુ પડતી નથી અને તેનું કદી મરણ પણ થતું નથી. આત્મા અનાદિ અનંત અજન્મ અને અમરણ સ્વભાવી છે. એવા ગુણસ્વભાવી આત્મામાં જે સ્થિર થાય છે તે મુક્ત થાય છે.

અનાદિથી જીવ પુણ્ય–પાપના રાગ અને વિકલ્પમાં સ્થિર હોવાથી તેને કર્મોનું બંધન છે. પણ જે જીવ શુદ્ધ ચૈતન્યસ્વરૂપની પ્રતીતિ કરીને તેમાં સ્થિર થાય છે તેને નવાં કર્મ બંધાતા નથી અને જૂના કર્મોનો નાશ થઈ જાય છે.

અહીં ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણેય લઈ લીધા છે. આત્મા ધ્રુવ પોતે અજર–અમર છે તેમાં દૃષ્ટિ–જ્ઞાન–સ્થિરતા કરતાં કર્મ રહિત નિર્મળ પર્યાયનો ઉત્પાદ થાય છે અને પૂર્વની અશુદ્ધ અવસ્થાનો નાશ થાય છે. નિર્મળતાનો ઉત્પાદ, મલિનતાનો વ્યય અને ધ્રુવ તો પોતે ત્રિકાળ છે. આવા ઉત્પાદ–વ્યય તે ધાર્મિક ક્રિયા છે. જૈનધર્મની આ ક્રિયા છે. ધ્રુવ સ્વભાવ ચૈતન્યબિંબ સત્તામાં રુચિ કરીને તે રૂપ પરિણતી કરીને સ્થિર થવું તે સંવર નિર્જરારૂપ જૈનધર્મની ધાર્મિક ક્રિયા છે. લાખો શાસ્ત્રો લખવાનો હેતુ–સાર આ ક્રિયા કરવાનો છે.

ભગવાન આત્મા જન્મ–મરણ રહિત અવિનાશી છે.

પ્રશ્ન:—પ્રભુ ! જન્મ–મરણ તો થતાં દેખાય છે ને ?

સમાધાન:—અરે ! જન્મે કોણ અને મરે કોણ ? શરીરના સંયોગને લોકો જન્મ કહે છે અને શરીરના વિયોગને મરણ કહે છે. આત્મા તો અનાદિ અનંત છે, જન્મ–મરણથી રહિત છે. આત્મા અસ્તિત્વ, વસ્તુત્વ આદિ સામાન્યગુણ ( કે જે ગુણ બધાં

દ્રવ્યમાં હોય ) અને જ્ઞાન-દર્શન આદિ વિશેષ ગુણોથી સહિત છે. આત્મા સામાન્ય-વિશેષ ગુણોનો મોટો સમૂહ છે, તેમાં એકાગ્ર થતાં સંવર-નિર્જરા પ્રગટ થાય છે.

બાળકો બોલો! દ્રવ્ય કોને કહે છે અને ગુણ કોને કહે છે?

જવાબ:-ગુણોના સમુહને દ્રવ્ય કહે છે અને દ્રવ્યના પૂરા ભાગમાં અને તેની સર્વ હાલતોમાં રહે તેને ગુણ કહે છે. દ્રવ્યનો પૂરો ભાગ એટલે દ્રવ્યનું ક્ષેત્ર, સર્વ હાલત તે પર્યાય-કાળ, દ્રવ્ય પોતે જ છે અને ગુણ તે ભાવ-આમ ગુણની વ્યાખ્યામાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ચારેય આવી જાય છે.

આત્મામાં એક આનંદ નામનો વિશેષ ગુણ છે તો તે ગુણ આત્માની સર્વ હાલતોમાં છે તો પછી પ્રશ્ન ઉઠે કે આનંદ કેમ થતો નથી? તો તેનું કારણ એ છે કે અજ્ઞાનદશામાં જીવની રુચિ પુણ્ય-પાપ આદિમાં છે તેથી આનંદ-ગુણનું પરિણમન દુઃખરૂપે થાય છે. કોઈપણ ગુણની પર્યાય એક સમય પણ ન હોય એમ ત્રણકાળમાં કદી બનતું નથી. માટે આનંદગુણની પર્યાય તો દરેક સમયે હોય છે પણ તે અજ્ઞાન-દશામાં દુઃખરૂપે છે અને સ્વભાવની શ્રદ્ધા થતાં આનંદ ગુણની પર્યાય પણ મુખ્યપણે આનંદરૂપે પરિણમે છે ગૌણપણે સાધકને દુઃખ છે પણ તે વાત અહીં ગૌણ છે.

અનંત ગુણ સમુદાય આત્માની અંતરમુખ દૃષ્ટિ વડે શ્રદ્ધા-ભરોસો-વિશ્વાસ કરતાં આત્માના બધાં ગુણોનું અંશે વ્યક્ત પરિણમન સમ્યગ્દર્શનની સાથે જ થઈ જાય છે. કેમ કે સમ્યગ્યદર્શન આખા-પૂર્ણ દ્રવ્યની પ્રતીતિ કરે છે તેથી દ્રવ્યમાં રહેલાં અનંત ગુણોનું પરિણમન પણ અંશે નિર્મળ થઈ જાય છે.

ભગવાન આત્મા પ્રગટ દ્રવ્ય છે. પ્રગટ એટલે 'છે' અને છે તે અસ્તિત્વવાળું-સત્તાવાળું તત્વ છે તો એ સત્ તત્ત્વના ગુણો પણ સત્-શાશ્વત છે. આત્મા અજર-અમર છે તો તેના ગુણ પણ અજર અમર છે અને ગુણ અજર-અમર છે તો દ્રવ્ય અજર-અમર છે.

મૂળ વાત તો એ છે કે જીવે આ તત્ત્વનો કોઈ દિવસ વિશ્વાસ કર્યો નથી. ભગવાન આત્માને પોતાની શ્રદ્ધાની સરાણે ચડાવ્યો નથી. જો શ્રદ્ધામાં આત્માને લે તો તો એક સેકંડના અસંખ્યાતમાં ભાગમાં અનંતગુણોની અંશે વ્યક્ત પર્યાય પ્રગટ થઈ જાય.

અજ્ઞાનદશા વખતે પણ આત્માને શરીર અને કર્મથી રહિત જુઓ તો આત્મા શુદ્ધ જ છે. પર્યાયમાં અશુદ્ધતા છે એ તો આસ્રવ તત્ત્વ છે, તે જ્ઞાયકતત્વથી ભિન્ન તત્ત્વ છે અને શરીર તથા કર્મ તો તદ્દન ભિન્ન અજીવ તત્ત્વ છે. આસ્રવ પણ અનિત્ય તાદાત્મ્યની અપેક્ષાથી આત્મા સાથે એકરૂપ દેખાય છે પણ નિત્ય તાદાત્મ્યભાવની

અપેક્ષાએ તો તે પર્યાય પણ સંયોગીક છે–પરદ્રવ્ય છે. કર્તા કર્મઅધિકાર ૬૯–૭૦ ગાથામાં પણ આ વાત લીધી છે. કેમ કે એ આત્માનું સ્વરૂપ નથી.

લોકોને આત્માના સ્વરૂપની કાંઈ ખબર નથી અને ધર્મ કરવો છે, તો એમ ધર્મ કયાંથી થાય? ધર્મનો પિંડ તો આત્મા પોતે છે તેને ઓળખ્યા વગર ધર્મની શરૂઆત પણ ન થાય.

વર્તમાનમાં જ આત્મા શરીર, કર્મ અને આસ્રવથી ભિન્ન છે તો તેનાથી ભિન્ન દૃષ્ટિ કરતાં શુદ્ધ આત્મા અનુભવમાં આવી શકે છે. જેમ માટીવાળા પાણીને, પાણીના સ્વભાવની દૃષ્ટિથી જુઓ તો પાણી શુદ્ધ જ દેખાય છે. મેલપ છે એ તો માટીનો ભાગ છે, પાણીનો નહિ. તેમ વર્તમાનમાં આત્મા શુભાશુભ ભાવો સહિત છે તેને ભેદવિજ્ઞાનની શક્તિથી શરીર, કર્મ અને શુભાશુભ–રાગાદિથી રહિત જોઈ શકાય છે.

રાગાદિ ભાવો થવા તે આત્માનો અપરાધ છે, તે ભગવાન આત્માના સ્વભાવથી વિરૂદ્ધ છે માટે તે હેય છે. હવે તેને હેય કહ્યા તો ઉપાદેય શું? તો કહે છે—શુદ્ધ ભગવાન જ્ઞાયકભાવ ઉપાદેય છે. શરીરાદિ પરદ્રવ્ય તો જ્ઞેય છે અને રાગાદિ આત્માની અવસ્થામાં હોવા છતાં દુઃખરૂપ ભાવ છે માટે હેય છે, આશ્રય કરવા લાયક નથી. એ જ્ઞેય અને હેય ભાવોથી રહિત નિર્મળ શુદ્ધાત્મા ઉપાદેય છે.

દરેક પાસે વર્તમાનમાં પણ દૃષ્ટિ તો છે–નજર તો છે પણ તે નજરમાં રાગ અને વિકારને જ દેખે છે. નિજસ્વભાવથી વિરૂદ્ધ ક્ષણિક વિકૃત અવસ્થાને દેખે છે તે જ દૃષ્ટિમાં રાગાદિ રહિત ભગવાનને જુએ તો ભગવાન શુદ્ધ જ દેખાય છે. ભગવાન કયાં અજાણ્યો છે? કયાં જ્ઞાન વિનાનો છે તો તેને બીજા દ્વારા જણાય? પોતે જ પોતાને જાણી શકે છે–દેખી શકે છે.

દ્રવ્ય તો રાગ સાથે એકત્વ પામતું નથી પણ દ્રવ્યની દૃષ્ટિ થતાં દૃષ્ટિ પણ રાગ સાથે એકત્વ કરતી નથી. દૃષ્ટિ શુદ્ધ સંવર–નિર્જરારૂપ થઈ તે આસ્રવ–બંધરૂપે કદી ન થાય. આ શ્રદ્ધા અને જ્ઞાનના બળથી સમ્યગ્દૃષ્ટિ સ્વભાવમાં સ્થિર થવાનો પુરુષાર્થ કરે છે અને એ સ્થિરતા થવી તે જ સંવર–નિર્જરારૂપ મોક્ષમાર્ગ છે. બાકી વ્રતતપ આદિ ક્રિયા મોક્ષમાર્ગ નથી.

સ્વરૂપના નિર્વિકલ્પ અનુભવકાળે ધર્મીને ઘણી ઘણી નિર્જરા થાય છે. લોકો કહે છે કે શાસ્ત્રના સ્વાધ્યાયમાં નિર્જરા થાય છે પણ ભાઈ! પરાશ્રયે નિર્જરા કયાંથી થાય? નિર્જરા તો સ્વરૂપમાં સ્થિરતા કરવાથી જ થાય.

પ્રશ્નઃ—અમૃતચંદ્ર આચાર્ય કહે છે કે હું મારી પરિણતિની વિશુદ્ધતા માટે આ ટીકા રચું છું. તો અહીં ટીકા લખવાથી નિર્જરાની વાત તો આવી?

પૂજ્ય ગુરુદેવઃ—અરે ભાઈ! તેનો અર્થ સમજવો જોઈએ. નિર્જરા તો સ્વરૂપ-

સ્થિરતાથી જ થાય છે. ટીકા લખવાના વિકલ્પથી ભિન્ન આચાર્યનું ઘોલન અંદરમાં ચાલી રહ્યું છે તેનાથી નિર્જરા થાય છે.

ચોથા ગુણસ્થાનથી સ્વરૂપાચરણ ચારિત્ર શરૂ થઈ જાય છે. ન્યાયથી જ વાત છે. શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ થતાં અંશે સ્થિરતા થાય જ છે. સમ્યક્દૃષ્ટિ થતાં મિથ્યાત્વનો નાશ અને સમ્યક્ત્વની ઉત્પત્તિ થાય છે. તેમ અનંતાનુબંધીનો નાશ થાય છે અને સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થાય છે.

જેમ અબજોપતિની દુકાને મુનિમ પણ બુદ્ધિશાળી, મોટો પગારદાર હોય, ઘાંચી જેવો ન હોય. તેમ આ તો સર્વજ્ઞની પેઢી! ધર્મના મૂળ ધણી એવા સર્વજ્ઞની દુકાને બેસનારે બહુ જવાબદારી સમજવી જોઈએ. આડી-અવળી ન્યાય વગરની વાત અહીં ન ચાલે. પ્રભુનો વીતરાગમાર્ગ—ન્યાયમાર્ગ છે.

કોઈ એમ માને છે કે ચોથા ગુણસ્થાને સ્વરૂપાચરણ ચારિત્ર ન હોય. તો ભાઈ! સમ્યક્ત્વ થતાં અનંતગુણના અંશ પ્રગટ થાય છે, તેમાં અનંતાનુબંધી કષાયનો નાશ થતાં શું પ્રગટ થયું? અંશે અકષાયભાવ પ્રગટ થાય છે તે જ સ્વરૂપાચરણ ચારિત્ર છે. વસ્તુસ્થિતિ જ આમ છે ત્યાં વાદવિવાદનો અવકાશ જ નથી.

આહાહા...અનંતકાળમાં માંડ આવો અવસર મળ્યો છે. નિગોદથી નીકળી પંચેન્દ્રિય થવું જ ઘણું દુર્લભ છે ત્યાં મનુષ્યપણું મળવું અને યથાર્થ વાત કાને પડવી અને તેની રુચિ થવી એ તો મહાદુર્લભ...મહાદુર્લભ....મહાદુર્લભ છે.

ચોથા ગુણસ્થાનની વાત આગળ થઈ ગઈ. હવે પાંચમા ગુણસ્થાનની વાત કરે છે કે અહીં સ્વરૂપમાં સ્થિરતાની વૃદ્ધિ થાય છે અને અપ્રત્યાખ્યાન કષાયનો નાશ થાય છે.

ભગવાન અક્રિય શુદ્ધબિંબ તે નિશ્ચય છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રની પર્યાય થાય છે તે ભેદરૂપ છે માટે તેને અહીં વ્યવહાર કહી છે. મોક્ષમાર્ગની પર્યાયના આશ્રયે મોક્ષમાર્ગ થતો નથી. નિશ્ચય શુદ્ધબિંબ દ્રવ્યના આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટ થાય છે માટે શુદ્ધપર્યાયને વ્યવહાર કહી છે.

પાંચમાં ગુણસ્થાનવર્તી શ્રાવકને સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં પણ શાંતિ વધી જાય છે. જ્ઞાન વિશેષ નથી પણ સ્થિરતા વધી ગઈ છે તેથી શાંતિ વિશેષ છે. જેને (આત્માને) દૃષ્ટિમાં પકડ્યો અને તેમાં આગળ વધ્યો તેને હવે શું બાકી રહે? શ્રાવકને પડિમા હોય છે એ તો વ્યવહાર છે પણ અંદરમાં સ્થિરતાના અંશો વધે છે એ ખરેખર પડિમા છે. આગળ વધતાં છઠ્ઠા પ્રમત્ત ગુણસ્થાનમાં સ્થિરતા વિશેષ વધી જાય છે અને પ્રત્યાખ્યાન કષાયનો નાશ થાય છે. સાતમા અપ્રમત્ત ગુણસ્થાનમાં

છઠ્ઠાથી પણ વિશેષ સ્થિરતા વધી જાય છે–એમ વધતાં-વધતાં બારમા ગુણસ્થાનમાં વીતરાગતા થતાં અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થઈ જાય છે.

ભાઈ! આ તત્ત્વ તો ધીરજથી સમજાય તેમ છે. પક્ષથી કે આગ્રહથી આ વાત ન સમજાય. એક આત્માની લગની લાગી હોય તેને જ આ સમજાય. ઇષ્ટોપદેશમાં કહ્યું છે કે 'તું એક આત્મા સંબંધી જ પ્રશ્ન પૂછ! તેનો જ ઉત્તર માંગ. માત્ર જાણવાના વિષયમાં આગળ વધીને શું કરીશ? આત્માને તો પહેલાં સમજી લે!' મોક્ષના પ્રેમીનું એ કર્તવ્ય છે કે આત્મા સંબંધી જ પ્રશ્ન કરે. આત્માની સમજણ વગર ધ્યાન પણ વ્યર્થ છે.

ભગવાન આત્મા નૂર એટલે ચૈતન્યતેજનું પૂર છે. તેમાં અંધારું ક્યાંથી હોય? સૂર્યમાં અંધારું હોય? સૂર્ય તો ઘણાં રજકણની પર્યાયની વિભાવિકદશા છે અને આત્મા તો અખંડ એક દ્રવ્ય છે. તેના સત્વનું શું કહેવું? આત્મા અજ્ઞાનથી રહિત જ્ઞાનવાન, બધાથી મહાન ભગવાન છે.

હવે ૯૨ મી ગાથામાં મુનિરાજ યોગસારની વિશેષ સ્પષ્ટતા કરતાં કહે છે કે જે આત્મામાં લીન છે તે જીવ કર્મોથી બંધાતો નથી.

પંકજ જયમ પાણી થકી, કદાપિ નહિ લેપાય,
લિપ્ત ન થાયે કર્મથી, જે લીન આત્મસ્વભાવ. ૯૨.

ગાથામાં એક શરત મૂકી દીધી છે જો તું એક આત્માની પ્રીતિ કર, રતિ કર, રુચિ કર તો તું અવશ્ય કર્મોથી છૂટીશ અને નિર્વાણ પામીશ. સમયસારમાં નિર્જરા અધિકારની ૨૦૬ ગાથામાં લીધું છે કે "તું આત્માની પ્રીતિ કર, આત્મામાં સંતુષ્ટ થા, તેમાં જ તૃપ્તિ પામ, તને ઉત્તમ સુખ થશે."

લોકો વ્રત, ભક્તિ, પૂજા, સિદ્ધગિરીના દર્શન વગેરેથી લાભ માને છે અને આત્માની વાતથી ભડકે છે. પણ ભાઈ! સિદ્ધગિરી તું પોતે જ છો, તું તારા દર્શન કર ને! તારો ભગવાન અનંતી સિદ્ધ પર્યાયને અંતરમાં રાખીને બેઠો છે એ સિદ્ધગિરી ઉપર ચડ તો તારી જાત્રા સફળ થશે. શત્રુનો જય કરનારો શત્રુંજય પણ તારો ભગવાન આત્મા છે તેની યાત્રા કર! અશુભથી બચવા શુભભાવ આવે. ન આવે એમ નથી પણ અંતરમાં નક્કી નિર્ણય રાખજે કે સ્વાશ્રય વિના કદી મુક્તિ નથી, કલ્યાણ નથી.

ગાથામાં દૃષ્ટાંત આપ્યું છે કે જેમ કમલિનીનું પત્ર કદાપિ પાણીથી લેપાતું નથી. તેમ જે આત્મસ્વભાવમાં લીન છે તે કર્મોથી લેપાતો નથી. આત્મામાં લીન એવો ભવ્યજીવ મોક્ષમાર્ગી છે તેણે જ રત્નત્રયની એકતા ધારણ કરી છે. એ ભવ્યજીવ

વીતરાગસ્વભાવમાં લીન હોય છે અને રાગ-દ્વેષથી ભિન્ન હોય છે, તેથી કર્મોથી બંધાતા નથી.

વીતરાગસ્વરૂપ ભગવાન આત્મ અને તેમાંથી ઉત્પન્ન થયેલો વીતરાગભાવ બંધનો નાશ કરનાર છે સમ્યગ્દર્શન પણ અંશે વીતરાગભાવ છે તેથી જ સમ્યગ્દૃષ્ટિને ૪૧ પ્રકૃતિનો બંધ થતો નથી. સમ્યગ્દૃષ્ટિ લડાઈમાં ઊભો હોય તો પણ જે કર્મોથી તે બંધાતો નથી તે જ કર્મોથી પરદ્રવ્યની અહંબુદ્ધિ કર્તાબુદ્ધિ કરનારો અજ્ઞાની બંધાય છે. અનંત સંસારને વધારનારા ચીકણાં કર્મોથી બંધાય છે, જ્ઞાની બંધાતા નથી.

અહીં સમયસારના છેલ્લાં કળશનો આધાર આપ્યો છે. ધર્મીની દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયમાં રાગ-દ્વેષ-મોહ નથી તેથી કહ્યું છે કે ધર્મીને રાગ-દ્વેષ-મોહ હોતાં જ નથી. તેથી ધર્મીને કર્મોનો બંધ થતો નથી અને સ્વભાવમાં રમણતાને લીધે વીતરાગતા વધતી જાય છે અને અસ્થિરતાનો જે રાગ છે તે ઘટતો જાય છે.

આમ, સાર એ કહ્યો કે અબંધસ્વભાવના દૃષ્ટિવંત ધર્મીને બંધ હોતો નથી.

[ ક્રમશઃ ]

—※—

[ ક્રમબદ્ધ પર્યાય...પેઈજ નં. ૧૨ થી ચાલુ ]

બિલકુલ અપેક્ષા નથી. વ્યવહારરત્નત્રય ઉત્પાદક અને નિશ્ચયરત્નત્રય ઉત્પાદ્ય એમ છે જ નહીં. નિમિત્ત ઉત્પાદક અને ઉપાદાનની પર્યાય ઉત્પાદ્ય એમ છે જ નહીં.

એ રીતે સ્વદ્રવ્ય કર્તા ને સ્વદ્રવ્યની પર્યાય તેનું કાર્ય છે. જે સમયે જે દ્રવ્યની જે ક્રમબદ્ધ પર્યાય થવાની છે તે થાય છે તેનું કર્તાકર્મપણું અન્ય નિરપેક્ષ છે, અન્ય દ્રવ્યથી નિરપેક્ષપણે સ્વદ્રવ્યમાં સ્વતંત્રપણે કર્તાકર્મની સિદ્ધિ છે. તેથી જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી, માટે જીવ અકર્તા સિદ્ધ થાય છે. ક્રમબદ્ધ સિદ્ધ કરીને અકર્તાપણું સિદ્ધ કરવાનું તાત્પર્ય છે.

—※—

# * બાપુજીને હાર્દિક શ્રદ્ધાંજલિ *

આદરણીય બાપુજી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીનું દેહાવસાન તા. ૨૯-૧૧-૮૫ના રોજ ચેમ્બુર (મુંબઈ) માં પોતાના સુપુત્ર શ્રી સુમનભાઈના ઘરે થયું છે. બાપુજીના દેહાંતના સંદર્ભમાં (સોનગઢમાં) શ્રી દિ. જૈન સ્વાધ્યાય-મંદિર ટ્રસ્ટ તરફથી તા. ૩૦-૧૧-૮૫ના રોજ રાખવામાં આવેલ શોકાંજલિ-સભામાં સમસ્ત મુમુક્ષુસમાજ તથા પોતા વતી આ. પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા સમર્પિત ભાવભીની અંજલિ.

જેમને આપણો સમસ્ત મુમુક્ષુસમાજ વહાલસોયા આદરપૂર્ણ 'બાપુજી' નામથી સંબોધતો હતો, તે આપણા આદરણીય બાપુજી શ્રી રામજીભાઈના દેહાંતના દુઃખદ સમાચાર સાંભળીને સમસ્ત મુમુક્ષુ ભાઈ-બ્હેનો એક મહાન શિરછત્ર ગુમાવ્યાની દુઃખદ સંવેદનાનો અનુભવ કરશે. અનેકવિધ પ્રતિભાસંપન્ન બાપુજી એક વિશાળ કબીર વડ હતા, જેમની ભારતવ્યાપી શીતળછાયામાં આપણે સૌએ વર્ષો સુધી નિશ્ચિંતતારૂપ શીતળતાનો અનુભવ કર્યો છે. તે ઘેરગંભીર વડ વિલીન થતાં આજે ભારતના સમસ્ત મુમુક્ષુઓનાં હૃદય ઊંડી ઉદ્વિગ્નતાનો અનુભવ કરશે.

પરમપૂજ્ય પરમોપકારી ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ આ યુગમાં લુપ્તપ્રાય થઈ ગયેલા સ્વાનુભૂતિપ્રધાન મોક્ષમાર્ગને પુનર્જીવિત કરવાનું જે વિરાટ કાર્ય કર્યું તેની સાથે સાથે સ્વાભાવિક રીતે જ સોનગઢમાં અનેક સંસ્થાઓ અને અનેકવિધ પ્રવૃત્તિઓ અસ્તિત્વમાં આવતી ગઈ અને વિકસતી ગઈ. પવિત્રતા અને પુણ્યના ધણી પૂજ્ય ગુરુદેવનો પ્રભાવના-ઉદય અજબ હતો. તે પ્રભાવના-ઉદયે, લોકોના શબ્દોમાં કહીએ તો, સૌરાષ્ટ્રના બે સિંહને વશ કર્યા અને સોનગઢમાં સ્થિર કર્યા. તેમાંના એક સિંહ તે આપણા બાપુજી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશી. તે સિંહપુરુષે સોનગઢની સમસ્ત પ્રવૃત્તિઓ સંભાળી અને તેનું લગભગ જીવનપર્યંત અત્યંત સુંદર રીતે નિર્વહણ કર્યું. સુવર્ણપુરીની સર્વ પ્રવૃત્તિઓના જન્મદાતા, પોષક અને વર્ધક પિતા તરીકે બાપુજીનું નામ સુવર્ણપુરીના ઇતિહાસમાં સુવર્ણ-અક્ષરે અંકિત રહેશે. પૂ. બાપુજી અનેક વર્ષોથી સર્વાર્પણપણે ગુરુભક્તિની, સૂક્ષ્મપણે શાસ્ત્ર-અવગાહનની અને સહૃદયપણે નિઃસ્વાર્થ સેવાની ધૂણી ધખાવીને સોનગઢ-તીર્થમાં વસ્યા હતા. કાર્યધુરાવહનશક્તિ,

પિતાતુલ્ય વાત્સલ્ય, નીડરતા, સજ્જનતા, નીતિમત્તા, ઉદારતા, સાદાઈ, આત્માર્થતા, ઉદ્યમપરાયણતા, ધર્મશ્રદ્ધા, વિદ્વત્તા, ગુરુચરણોપાસના ઇત્યાદિ બાપુજીના અનેક ગુણોએ મુમુક્ષુજનોનાં હૃદય જીતી લીધાં હતાં.

આજ બાપુજીને શ્રદ્ધાંજલિ અર્પવાના આ પ્રસંગે આપણે બાપુજીના સાત્ત્વિક ધ્યેયલક્ષી જીવન પર નજર ફેરવી જઈએ કે જેથી હાર્દિક શ્રદ્ધાંજલિ–અર્પણનું કાર્ય પણ થાય અને સાથે સાથે બાપુજીના જીવનમાંથી તેમના અનુકરણીય ગુણોને અનુસરવાની આપણને પ્રેરણા પણ પ્રાપ્ત થાય.

બાપુજીનો લૌકિક વ્યવસાય વકીલાતનો હતો. એક અગ્રિમ કોટિના એડ્વોકેટ તરીકે તેમનું નામ સૌરાષ્ટ્રભરમાં ગાજતું હતું. વકીલાત જેવા વ્યવસાયમાં પણ તેઓ તદ્દન પ્રમાણિકપણે કામ કરતા હતા. તેઓ સાચા મજબૂત કેસો જ હાથમાં લેતા અને ઝીણવટથી પરિશ્રમપૂર્વક કેસનો બરાબર અભ્યાસ કરી સબળ અસરકારક દલીલોપૂર્વક કેસ રજૂ કરતા જેથી ૯૯ ટકા કેસોમાં તેમની જીત થતી. તેમણે કદી ન્યાયધીશોની ખુશામત કરી નથી કે તેમને ભેટ-સોગાત મોકલી નથી. તેઓ સૌરાષ્ટ્રના 'બાર એસોસિયેશન' ના પ્રમુખ પણ ઘણાં વર્ષ રહ્યા હતા. સૌરાષ્ટ્રના તત્કાલીન મુખ્ય પ્રધાન શ્રી ઢેબરભાઈએ બાપુજીને 'ચીફ જસ્ટિસ' ની પદવીની ઑફર પણ કરી હતી; પણ બાપુજીએ 'મેં નિવૃત્ત થઈને મારું જીવન સંપૂર્ણપણે ધાર્મિક વ્યવસાયમાં ગાળવાનો નિર્ણય કર્યો છે' એમ કહીને તેનો સાદર અસ્વીકાર કર્યો હતો. રાજકીય ક્ષેત્રે પણ બાપુજીની સેવા નોંધપાત્ર હતી. સત્યાગ્રહની ચળવળના અનુસંધાનમાં તેમણે બે વાર જેલવાસ ભોગવ્યો હતો, જ્યાં જેલમાં પણ તેઓ સમયસાર આદિ શાસ્ત્રોનું વાંચન કરતા હતા. મહાત્મા ગાંધીજીને પણ બાપુજીની તેજસ્વી મેધાનો ખ્યાલ હતો; તેથી જ રાજકોટની સત્યાગ્રહની લડત વખતે ગાંધીજીએ પોતે વાઈસરોયને લખેલો પત્ર વાંચી જોવા બાપુજીને કહ્યું હતું. આ રીતે બાપુજીની લૌકિક કારકિર્દી ઘણી યશસ્વી હતી.

બાપુજીની રહેણીકરણી પ્રથમથી જ સાદી હતી. વકીલાત કરતા ત્યારે પણ કોટ–પાટલૂન ન પહેરતા. પૂછીએ તો કહે કે 'શું કોટ-પાટલૂન વકીલાત કરવાનાં છે?' ઘણાં વર્ષ પહેલાંની વાત છે:—પૂજ્ય ગુરુદેવ રાજકોટમાં બિરાજતા હતા. હું પણ ત્યાં ગયો હતો. અમે મકાનની ઓસરીમાં આંટા મારતા હતા. વિશાળ ફળિયામાં બાપુજી ધીમે પગલે આગળ ચાલ્યા જતા હતા. ખાદીનો સાદો કોટ પહેરેલો, જાડું ખાદીનું ધોતિયું, માથે સફેદ પાઘડી જેનો એક છેડો છૂટો પડી જઈને લટકતો હતો; પગમાં સાદા જોડા, જેમાંનો એક જોડો પાછળના ભાગમાં વળી ગયો હોવાથી સપાટ જેવો થઈ ગયો હતો. ગુરુદેવ તેમના તરફ જોઈને હસતાં હસતાં બોલ્યા : જુઓ! મોટા બારિસ્ટરોને હંફાવનારા વકીલ કોર્ટમાં વકીલાત કરવા ચાલ્યા જાય છે!........બાપુજી

અહીં રહેવા આવ્યા ત્યારે પ્રથમ વળાના ઉતારામાં મારી બાજુના ઓરડામાં રહેતા હતા. તદ્દન સામાન્ય જૂનું મકાન, માથે દેશી નળિયાનું છાપરું, નીચે ભાંગી-તૂટી ખરબચડી લાદી. રસોઈયાણી માણેકબાઈ રસોઈ કરે, બાપુજી બે ટંક જમવા આવે; સવારે ચા-દૂધ કાંઈ ન લે. બાકીનો બધો સમય સ્વાધ્યાયમંદિરમાં ગુરુદેવ પાસે અને શાસ્ત્રસ્વાધ્યાયાદિ ધાર્મિક પ્રવૃત્તિઓમાં ગાળે. ઈ. સ. ૧૯૨૨ માં બાપુજીએ સાંભળ્યું હતું કે ખાંડ બનાવવામાં તો હિંસા થાય છે. 'તો પછી ખાંડ વાપરવાનું શું કામ છે?' એવા વિચારથી નિર્લોલુપ બાપુજીએ ખાંડ ને ગોળનો (દાળ-શાકમાં વપરાય તેની છૂટ રાખીને) ત્યાગ કર્યો. તેમણે ૬૩ વર્ષથી ખાંડ, ગોળ ને મિષ્ટાન્ન ચાખ્યાં પણ નહોતાં! લોકોને તો લોહીની તપાસમાં 'ડાયાબિટિસ'નું નિદાન થાય ત્યાં ફાળ પડે, ઈન્સ્યુલીન લઈ લઈને પણ મિષ્ટાન્ન ખાય. તેની સાથે સરખાવતાં બાપુજીનો કેટલો સ્વાદ પર વિજય?....સારાં કે નરસાં કપડાં પ્રત્યે પણ બાપુજીનું લક્ષ નહોતું. મેં માણેકબાઈને કહેતાં સાંભળ્યાં છે કે 'બાપુજી! આ ઝભ્ભો ફાટી ગયો છે, બીજા પણ ફાટી ગયા છે,' ત્યારે બાપુજીનું લક્ષ જાય અને દરજીને બોલાવરાવીને અથવા તેને જૂનો ઝભ્ભો મોકલી આપીને તેના માપ પ્રમાણે બીજા ઝભ્ભા સિવડાવે. આ રીતે કપડાં, ભોજન, આવાસ ઈત્યાદિ સર્વ બાબતમાં બાપુજીની સાદાઈ આશ્ચર્યકારી હતી.

બાપુજીનો સ્વભાવ ઉદાર હોવાથી તેમના ઘરનો બધો વ્યવહાર ઉદારતાપૂર્વક ચાલતો. ધનસંચયમાં તેઓ માનતા ન હતા અને ખરીદી આદિ ધનવ્યયનાં કાર્યોમાં ગણતરીની ચીકાશ કરવાનું તેમની પ્રકૃતિમાં ન હતું. સાંભળ્યું છે કે નાની વયમાં એક વાર સુમનભાઈએ કહ્યું: 'બાપુજી! મોટર અપાવો ને;' બાપુજીએ તરત જ નાનું રમકડું ખરીદવાની સંમતિ દેતા હોય તેમ કહી દીધું: 'જાઓ, તમને પસંદ પડે તેવી લઈ આવો.' બાપુજી રાજકોટમાં હતા ત્યારે ઘરનો બધો વહીવટ તેમના એક મુનીમ સંભાળતા; બાપુજી તેમાં કાંઈ માથું મારે નહિ. દેવશાસ્ત્રગુરુ પ્રત્યેની ભક્તિને લીધે જે રામજીભાઈ આપણી સંસ્થાના ભારતવ્યાપી કામકાજનો વહીવટ ચીવટથી સંભાળતા તે જ રામજીભાઈ પોતાના ઘરનાં કામકાજ પ્રત્યે, તેની નિઃસત્ત્વતા લાગતી હોવાથી, ઉદાસીનવૃત્તિ સેવતા હતા. દીકરા-દીકરીનાં લગ્ન હોય ત્યારે પણ બીજાઓ તે કામ ઉપાડી લે. એક બાજુ લગ્નની વિધિ ચાલતી હોય ત્યારે એક બાજુ બાપુજીનું શાસ્ત્રવાંચન ચાલતું હોય. એકવાર લગ્નવિધિ પૂરી થઈ અને દીકરીને સાસરે વળાવવાની હતી ત્યારે બાપુજી જ્યાં શાસ્ત્રવાંચન કરી રહ્યા હતા ત્યાં જઈને આપણા મુમુક્ષુ ભાઈ શ્રી પ્રેમચંદભાઈ (રાણપુરવાળા) એ કહ્યું: 'બાપુજી! બહેન સાસરે જાય છે, વિદાય દેવા ચાલો.' બાપુજી કહે: તમે આપી દો ને. ન ચાલે? 'બાપુજી, એમ ન ચાલે; તમારે આવવું જોઈએ.' 'ચાલો ત્યારે' એમ કહીને બાપુજી ઊઠયા, ને વિદાય આપી....ભાઈ

સુમનભાઈ અભ્યાસ-અર્થે ત્રણેક વર્ષ માટે અમેરિકા જવાના હતા ત્યારે બાપુજી તેમને વિદાય દેવા સ્વાધ્યાયમંદિરનું પગથિયું પણ ઊતર્યા નહોતા. સામાન્ય રીતે દીકરો પરદેશ જતો હોય ત્યારે કેટલાક લોકો તો વિદાય દેવા મુંબઈ સુધી જતા તે વખતે બાપુજીએ સ્વાધ્યાયમંદિરમાંથી જ 'આવજો' કહી દીધું હતું! આ રીતે વ્યાવહારિક બાબતો સાથે તેઓ બહુ ઓછો લગવાડ રાખતા હતા.

આ બધી બાબતો ભલે માત્ર લૌકિક જીવનની બાબતો હોય, આધ્યાત્મિક મહત્ત્વની ન હોય, અને બાપુજી ભલે તે બાબતોની ગૌણતા કરીને 'પણ તેથી શું?' એમ કહી તે વાત હળવી કરી નાખતા હોય, પરંતુ જ્યારે આ વિષમ કાળમાં લોકોના વ્યાવહારિક જીવનમાં બહુધા મલિનતા વ્યાપી ગયેલી જોવામાં આવે છે ત્યારે ક્વચિત જ જોવા મળતું આવું ચોખ્ખું જીવન જરૂર મનને શાતા ઉપજાવે છે.

બાપુજીને પહેલેથી જ ધર્મનો રંગ ખરો. સ્થાનકવાસી સંપ્રદાયમાં હતા ત્યારે શ્વેતાંબર શાસ્ત્રોનું વાંચન કરતા અને સંપ્રદાયમાં ચાલતી ધાર્મિક ક્રિયાઓ પણ કરતા. સત્યશોધનના હેતુથી અન્ય દર્શનોનો અભ્યાસ પણ થોડોઘણો કર્યો હતો. તે અરસામાં દિગંબર જૈન ધર્મની માન્યતાવાળા શ્રી ભાઈચંદજી મહારાજનો પણ કાંઈક પરિચય થયો હતો. શ્રીમદ્ રાજચંદ્રજીના સાહિત્યનો પરિચય થતાં તે વચનામૃતોનો બાપુજી પર વિશેષ પ્રભાવ પડયો હતો. તેઓ વેકેશન આદિ અવકાશના સમયે શ્રીમદ્ રાજચંદ્રજીના વડવા–આશ્રમમાં જઈને રહેતા. સાથે સાથે તેમને પૂજ્ય ગુરુદેવનાં સત્ય–તત્ત્વજ્ઞાનઝરતાં વ્યાખ્યાનો સાંભળવાના પ્રસંગો પણ બનતા રહ્યા. પરિણામે તેમને શ્રદ્ધા થઈ કે આ જ તત્ત્વજ્ઞાન તર્ક સાથે સુસંગત છે. તેમણે ધીમે ધીમે ગુરુદેવનો પરિચય વધારવા માંડયો. સોનગઢમાં પૂજ્ય ગુરુદેવ ધર્મપરિવર્તન કરીને શ્રી હીરાભાઈના મકાનમાં બિરાજતા હતા ત્યારે રામજીભાઈ કોઈ કોઈ વાર સત્સંગ–અર્થે ત્યાં આવતા. મેં તેમને હીરાભાઈના મકાનની આગળના સરકારી ગેસ્ટ–હાઉસમાં ઊતરેલા જોયા હતા. બાપુજી બાળક સુમનભાઈને ખોળામાં બેસાડીને 'આત્મસિદ્ધિ' ગવરાવતા હતા. સુમનભાઈ ગાતાં ગાતાં બાપુજીના ખભે પણ ચડી જતા. બાપુજીની પૂજ્ય ગુરુદેવ પ્રત્યેની અર્પણતા વધતી ગઈ અને તેઓ સત્સંગ–અર્થે ગુરુદેવનો પરિચય વધારતા જ ગયા. છેવટે એમને થયું કે પ્રત્યક્ષ સત્પુરુષના સત્સંગનો આ લાભ છોડીને મનુષ્યભવનો કીમતી સમય વકીલાતમાં શું કામ બગાડવો? આવી ભાવનાપૂર્વક તેમણે વકીલાતના નવા કેસ ન લેવાની પ્રતિજ્ઞા કરી અને પૂજ્ય ગુરુદેવનાં પાવન ચરણોમાં આવીને વસ્યા.

બાપુજીએ સત્સંગ–અર્થે સોનગઢમાં સ્થિરવાસ કર્યો ત્યાર પહેલાંથી માંડીને લગભગ જીવનના અંત સુધી અહીંની બધી પ્રવૃત્તિઓ, બધો વહીવટ બાપુજીના કુશળ નેતૃત્વ

નીચે ચાલતો હતો. એવી એક પણ પ્રવૃત્તિ નહિ હોય કે જેમાં રામજીભાઈનાં દર્શન ન થતાં હોય. અહીંની સર્વ પ્રવૃત્તિઓમાં રામજીભાઈ જ દેખાય છે. સોનગઢનાં બધાં કાર્યોમાં તો ઠીક, પરંતુ અન્ય ગામોનાં મુમુક્ષુમંડળો પણ પોતાના ગૂંચવણભર્યા કોયડાઓ બાપુજી પાસે લાવતાં અને સંતોષકારક ઊકેલ મેળવતાં.

અનેકવિધ કાર્યોની જવાબદારીઓ બાપુજીના શિરે હોવા છતાં તેમને તેનો બોજો લાગતો નહિ. તેઓ તો હળવા ફૂલ જેવા રહેતા; અને તેથી જ તેઓ તે બધાં કાર્યો રમતમાત્રમાં કરી શકતા. ભલે ગ્રંથપ્રકાશન વિભાગ શ્રી ખીમચંદભાઈ સંભાળતા હોય, બાંધકામવિભાગ શ્રી વજુભાઈના હાથમાં હોય અને અન્ય વિભાગો અન્ય કાર્યકર્તાઓના હાથમાં હોય, છતાં બધાયની જવાબદારી બાપુજી પોતાના પર જ રાખતા. તેઓ સહકાર્યકર્તાઓને કહેતા : 'તમે સ્વતંત્રપણે, મને પૂછયા વિના પણ, કામ કરી શકો છો; કોઈ તમને પૂછે તો કહેવું કે રામજીભાઈને પૂછયું છે; કાંઈ ભૂલ થઈ જાય તોપણ મૂંઝાવું નહિ, ભૂલ તો થઈ જાય. તે ભૂલ તમારી નથી, પણ મારી છે.' આ પ્રમાણે તેઓ પ્રેમભર્યું પ્રોત્સાહક વર્તન રાખતા. જોકે વિરોધીઓ ધ્રૂજી ઊઠે એવી કડકાઈ પણ બાપુજીમાં જરૂર હતી, તોપણ સહકાર્યકર્તાઓ પ્રત્યે તેઓ પિતાતુલ્ય વાત્સલ્યથી વર્તતા, જેથી તેમની છત્રછાયા નીચે સૌ નિશ્ચિતપણે ઉલ્લાસપૂર્વક એક જૂથપણે કામ કરતા.

બાપુજી એક વાર મને વાત કરતા હતા કે—"હું કલકત્તામાં શાસ્ત્રવાંચન કરતો હતો ત્યારે એક પંડિત મને કહ્યા કરે કે સમયસારના અનુવાદમાં અમુક સ્થળે તમારા પંડિતની ભૂલ છે. મેં તેને કહ્યું : 'મને વિશ્વાસ છે કે અમારા પંડિતની ભૂલ હોય નહિ. કદાચ હોય તોપણ તે ભૂલ મારી છે કારણ કે હું તે અનુવાદ તપાસી ગયો છું અને તેનું પ્રકાશન પણ મેં કર્યું છે. બોલો, કયાં ભૂલ છે? બતાવો.' ખરેખર ભૂલ બિલકુલ હતી જ નહિ." આ રીતે બાપુજી ઉદારતાથી બીજાનો દોષ પોતાના પર લઈ લેતા.

પૂજ્ય રામજીભાઈ સમાજમાં અને સરકારમાં તેમની જબ્બર પ્રતિષ્ઠા અને આદરપૂર્ણ સ્થાનને લીધે આપણી સંસ્થાનાં ઘણાં કામ સહેલાઈથી પાર પાડી શકતા હતા. તેઓ કડક રેશનિંગના કપરા સમયમાં પણ જૈન-અતિથિગૃહમાં મહેમાનોને નિ:શુલ્ક જમાડવાની વ્યવસ્થા પ્રમાણિકપણે કાયદાની મર્યાદામાં રહીને સુંદર રીતે ચલાવી શકયા હતા. લોકો કહેતા કે અમારા કુટુંબનું રેશન મેળવવામાં પણ અમને કેટલી બધી મુશ્કેલી પડે છે ત્યારે તમે આટલા મહેમાનોને સુંદર રીતે જમાડી શકો છો તે એક આશ્ચર્ય છે. આવાં અનેક અગત્યનાં કામ બાપુજી દ્વારા થયાં છે.

પૂજ્ય ગુરુદેવના વિહારોમાં ઘણા ભાગે—તોફાનનો સંભવ હોય ત્યાં તો જરૂર—શ્રી રામજીભાઈ પણ સાથે જ રહેતા. બધાં ગામોમાં એકસરખું વાતાવરણ ન રહેતું;

કોઈ કોઈ સ્થળે વત્તા–ઓછા વિરોધો પણ થતા. એવા વખતે મુ. રામજીભાઈ સાથે હોય તો ગુરુદેવ વિકલ્પ વિના નિશ્ચિતપણે પોતાનાં સ્વાધ્યાય–મનનાદિ કાર્યોમાં રત રહી શકે, બહારનું બધું રામજીભાઈ સંભાળી લે. કોઈ વિરોધીઓ તકરારના હેતુથી વાદવિવાદ કરવા આવે તો 'તમે પહેલાં મારી સાથે ચર્ચા કરો અને જો તમને સમાધાન ન થાય તો પછી આપણે ગુરુદેવ પાસે જઈશું' એમ કહીને મુ. રામજીભાઈ તેમના પ્રશ્નોના જડબાતોડ જવાબો આપીને તેમને ઢીલા કરી નાખે જેથી ગુરુદેવ પાસે જવાના તેમનામાં હોશ જ ન રહે. કોઈ વાર વિરોધીઓ સીધા ગુરુદેવ પાસે વાદવિવાદ કરવા પહોંચી જાય તો ચર્ચામાં વચ્ચે રામજીભાઈ ઝંપલાવે અને ગુરુદેવને બદલે પોતે જ વિરોધીને મૂંઝવી નાખે એવા તર્કશુદ્ધ જવાબો આપવા માંડે અને એ રીતે ગુરુદેવને નિષ્પ્રયોજન માથાકૂટમાંથી મુક્ત કરે. કોઈ વાર કોઈ વિરોધી ભાઈ આવેશમાં આવી જઈને ગુરુદેવ પ્રત્યે હલ્લો કરવા ધસી જાય તો બાપુજી તરત જ વચ્ચે અડીખમ ઊભા રહી જઈને આડા ઘા ઝીલતા અને હલ્લો કરનારને ગુરુદેવ સુધી પહોંચવા ન દેતા. ક્યારેક તો બાપુજી આક્રમણકારને નીડરપણે પોતાની બાથમાં પકડી રાખીને, પોતાને ઈજા થાય તેની લેશ પણ પરવા કર્યા વિના, તેને આગળ વધવા ન દેતા. આ તો થોડાં ઉદાહરણો કહ્યાં. બાકી સદાય સર્વ પ્રકારના મંદ-તીવ્ર વિરોધોમાં બાપુજી શ્રી રામજીભાઈ ગુરુદેવની એક સર્વોત્તમ ઢાલ હતી. તેમનામાં તીવ્ર બુદ્ધિપ્રતિભા અને વિરલ વહીવટશક્તિ હતી એટલું જ નહિ, પરંતુ તેમની હિંમત અને નીડરતા પણ અજબ હતાં. પૂજ્ય ગુરુદેવ તેમને એક આડાભીડ પુરુષ તરીકે વર્ણવતા, તેમ જ 'રામજીભાઈ નહિ હોય ત્યારે ખબર પડશે' એમ પણ પ્રસંગોપાત્ત ઘણી વાર મુમુક્ષુઓને કહેતા.

પૂજ્ય ગુરુદેવની વ્યાપક ધર્મપ્રભાવનામાં બાપુજીનું સર્વતોમુખ યોગદાન હોવા છતાં બાપુજી કોઈ બહિર્મુખ પ્રવૃત્તિપ્રિય વ્યક્તિ ન હતી; ખરેખર બાપુજી એક તત્ત્વ-રસિક સ્વાધ્યાયપ્રેમી જીવ હતા. ગુરુદેવની ઉપસ્થિતિમાં તેઓ ગુરુદેવનાં બે પ્રવચનો, રાત્રિચર્ચા, પૂજા તથા ભક્તિનાં કાર્યક્રમોમાં અચૂક નિયમિત હાજરી આપે, પ્રવચન તથા ભક્તિ પછી સ્વાધ્યાયમંદિરમાં પૂજ્ય ગુરુદેવની પાસે બેસી સત્સંગનો લાભ લે અને તે ઉપરાંત પોતાના ઘરે ત્રણ વખત શાસ્ત્રસ્વાધ્યાય કરે. સવારમાં વહેલા ચાર–પાંચ વાગ્યે જુઓ તો તેમના ઘરે કોઈ આશ્રમની જેમ બાપુજી એકલા અથવા પ્રાયઃ થોડા મુમુક્ષુઓની સાથે શાસ્ત્રવાંચન કરતા હોય; બપોરના પ્રવચન પહેલાં એક કલાક તથા સાંજે રાત્રિચર્ચા પહેલાં પણ એકાદ કલાક એ જ પ્રમાણે શાસ્ત્રસ્વાધ્યાય ચાલે. લગભગ જીવનના અંતપર્યંત શાસ્ત્રસ્વાધ્યાયથી ભરચક એ જ દિનચર્યા. શાસ્ત્રસ્વાધ્યાય તો બાપુજીનું જીવન હતું. ભાગ્યે જ એવું કોઈ પ્રસિદ્ધ શાસ્ત્ર હશે કે જે બાપુજીએ ન વાંચ્યું હોય. બાપુજી

જેટલો ઊંડો રહસ્યગ્રાહી અને વિસ્તીર્ણ શાસ્ત્રાભ્યાસ ધરાવતી વ્યક્તિ અન્યત્ર ક્વચિત્ જ જોવા મળે. બાપુજીએ પં. શ્રી બંસીધરજીને જ્યારે કહ્યું કે 'તમે તો મોટા પંડિત છો' ત્યારે પંડિતજીએ જવાબમાં કહ્યું હતું કે 'हम पंडित हैं तो आप पंडितपछाड हैं'. આ ઉંમરે પણ બાપુજીની ઉદ્યમપરાયણતા યુવાનોને પણ શરમાવે એવી, અત્યંત આશ્ચર્યજનક હતી. શાસ્ત્રસ્વાધ્યાયથી તો થાકે જ નહિ. જરાક સમય મળ્યો કે તરત જ શાસ્ત્રવાંચન કે તત્ત્વચર્ચા ચાલે. 'પ્રમાદ' શબ્દ તેમના શબ્દકોષમાં ન હતો; શાસ્ત્રસ્વાધ્યાય ઉપરાંત, આપણી સંસ્થા દ્વારા પ્રકાશિત થતા બધા ગ્રંથોનું લખાણ તથા 'આત્મધર્મ' માસિકપત્રનું લખાણ બાપુજી ઘણી ચીવટથી તપાસી જતા અને પછી જ પ્રેસમાં આપતા. જિજ્ઞાસુઓને જૈનધર્મનું સાચું દિગ્દર્શન કરાવનારા 'મોક્ષશાસ્ત્ર (સટીક)' અને 'ધર્મની ક્રિયા' એ બે ગ્રંથો રચવામાં પણ બાપુજીએ પુષ્કળ પરિશ્રમ લીધો હતો. આ રીતે બાપુજીનો શાસ્ત્રપ્રેમ અથાગ હતો. દિગંબર જૈન શાસ્ત્રો પ્રત્યે તેમને અપાર પ્રેમ હોવાનું કારણ એ છે કે પૂજ્ય ગુરુદેવનો ઉપદેશ સૂક્ષ્મતાથી વિચારીને તેમના હૃદયમાં અતિ દૃઢ શ્રદ્ધા થઈ ગઈ હતી કે આ શાસ્ત્રોમાં જ સાચી વસ્તુસ્થિતિનું નિરૂપણ છે અને તેમાં કહેલા માર્ગે ચાલવાથી જ આ દુઃખદ પરિભ્રમણનો અંત આવવાનો છે.

પૂજ્ય ગુરુદેવે મોક્ષનો સાચો માર્ગ બતાવી અકથ્ય ઉપકાર કર્યો હોવાથી બાપુજીને ગુરુદેવ પ્રત્યે અગાધ ભક્તિ ને અર્પણતા હતાં. કોઈ પણ બાબતમાં ગુરુદેવનું વલણ શું છે તે સહેજ પણ બાપુજીના જાણવામાં આવી જાય તો પછી બીજો કોઈ પણ વિકલ્પ કર્યા વિના ગુરુદેવના વલણને અક્ષરશઃ સાકાર કરવામાં જ તેઓ પોતાનું હિત સમજતા હતા અને બરાબર એ પ્રમાણે વર્તતા હતા. એક સિંહવૃત્તિવાળા પરીક્ષાપ્રધાન પુરુષની પોતાના ગુરુ પ્રત્યેની આવી અદ્‌ભુત અર્પણતા ખરેખર આપણા સૌને માટે એક અનુકરણીય આદર્શ પૂરો પાડે છે.

બાપુજીને ગુરુદેવના વિરહનું ઘણું જ દુઃખ લાગ્યું હતું. આજે પણ ગુરુદેવને યાદ કરતાં તેમની આંખોમાંથી પાણી ચાલ્યાં જાય છે. થોડા સમય પહેલાંનો એક પ્રસંગ હું ભૂલી શકતો નથી:—પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં દર્શનનો ચાર ચાર દિવસે વારો હોય છે તે વારાના દિવસે બાપુજી બહેનશ્રીના ઘરે તેમનાં દર્શન કરવા આવ્યા હતા. દર્શન કરીને બેઠા. તબિયતના સમાચાર પૂછીને બાપુજી ગંભીર થઈ ગયા ને બોલ્યા : 'બહેન! તમારી પાસે ગુરુદેવ આવે છે? આવે તો માત્ર તમારી પાસે જ આવે. સ્વપ્નામાં નહિ હો! સાક્ષાતનું પૂછું છું.' બહેનશ્રી ઢીલા થઈને બોલ્યા : 'બાપુજી! આ કાળે સાક્ષાત્ તો ક્યાંથી આવે? એવાં ભાગ્ય પણ ક્યાં?' 'બહેન!

એ તો હું ય જાણુ છું. પણ મારાથી રહેવાતું નથી એટલે...' એમ બોલતાં બોલતાં બાપુજી ગળગળા થઈ ગયા, તેમના હોઠ ધ્રૂજવા લાગ્યા, તેમણે રૂમાલથી નાક સાફ કર્યું અને આંખમાંથી આંસુની ધારા નીકળી ગાલ પર ઊતરી. આ દૃશ્ય જોઈને, પાસે ઊભેલા મુમુક્ષુઓનાં હૃદય પણ દ્રવી ગયાં. સામાન્ય પ્રાણીની આંખમાંથી અશ્રુધારા વહે તે તો ઠીક, પણ જ્યારે સિંહની આંખમાંથી આંસુ પડે ત્યારે તેને કેટલું વેદન થતું હશે?

બાપુજીને પૂજ્ય બહેનશ્રી પ્રત્યે પણ ઊંડી શ્રદ્ધા-ભક્તિ હતી. વાત્સલ્ય પણ એટલું જ. 'બહેનશ્રીને હવે કેમ છે? અશક્તિ કેવીક છે?' એમ અવારનવાર પૂછ્યા જ કરે અને ભલામણ કરે કે 'મારા વતી કહેજો : ધીમે ધીમે એક-એક કોળિયો કરતાં ખોરાક વધારતાં જાય. ચાલવાનું પણ એક-એક ડગલું વધારતાં જાય. નહિ તો શક્તિ કયાંથી આવે? કેવાં નબળાં થઈ ગયાં છે!' આમ બાપુજીને બહેનશ્રી પ્રત્યે સહજ હૃદયગત વાત્સલ્ય હતું.

જેમ બાપુજીને પૂજ્ય ગુરુદેવ પ્રત્યે પૂરી ભક્તિ અને અર્પણતા હતી, તેમ પૂજ્ય ગુરુદેવની પણ બાપુજી પ્રત્યે અમીભરી કૃપાદૃષ્ટિ હતી. તેઓશ્રી વાત દરમ્યાન 'ભાઈ!' એવા વાત્સલ્યઝરતા મધુર શબ્દથી બાપુજીને સંબોધન કરતા. પ્રવચન દરમ્યાન પણ 'ભાઈ! અહીં આચાર્યદેવ આમ કહે છે' ઇત્યાદિ પ્રકારે કયારેક કયારેક બાપુજીને બોલાવે. કોઈ અનિવાર્ય કારણથી બાપુજી પ્રવચનમાં હાજરી ન આપી શકયા હોય તો સભામાં કાંઈક ખૂટતું હોય એવું ગુરુદેવને લાગે અને 'ભાઈ આજે નથી આવ્યા' એમ યાદ કરે. રાત્રે તત્ત્વચર્ચામાં પણ બાપુજી ન આવ્યા હોય તો 'ભાઈ કેમ નથી આવ્યા?', 'તબિયત સારી નથી?', 'કેટલો તાવ છે?' એમ થોડી થોડી વારે જુદા જુદા શબ્દોમાં યાદ કરે; જરા ડોક ઊંચી કરીને રસ્તા ઉપર નજર પણ ફેંકે અને જો બાપુજી આવતા દેખાય તો 'ભાઈ આવતા લાગે છે' એમ પ્રસન્નતાથી બોલે. થોડાં વર્ષ પહેલાં જ્યારે બાપુજી ઑપરેશન કરાવવા મુંબઈ જવાના હતા ત્યારે સવારના પ્રવચન પહેલાં ગુરુદેવે મને તેમના રૂમમાં બોલાવીને કહ્યું : 'આજે ભાઈ ઑપરેશન માટે મુંબઈ જાય છે, માટે આજ વ્યાખ્યાન પછી તેમના વિષે બે શબ્દ બોલજો.' આમ બાપુજી પર ગુરુદેવની ઘણી કૃપા હતી. બાપુજી પૂજ્ય ગુરુદેવના આવા કૃપાપાત્ર બન્યા તે તેમની આ જિંદગીની અમૂલ્ય કમાણી છે.

બાપુજીની ઊંડી ધર્મશ્રદ્ધા, ગુરુદેવ પ્રત્યેની તેમની અનન્ય ભક્તિ-અર્પણતા તથા ગુરુદેવની તેમના પરની કૃપાદૃષ્ટિ—એ બાપુજીની જિંદગીની સર્વોત્તમ ઉપલબ્ધિઓ હતી. તેના પ્રતાપે તેઓ શીઘ્ર અનંત-આનંદઝરતી શાશ્વત પૂર્ણ-આત્મોપલબ્ધિને વરો—એ જ આજના દિને આપણી મંગળ શ્રદ્ધાંજલિ છે.

—*—

# શ્રી સુમનભાઈ દોશીનો પત્ર

પૂજ્ય ગુરુદેવશ્રીના પરમભક્ત, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના ભૂતપૂર્વ પ્રમુખ અને મુમુક્ષુસમાજના પિતાતુલ્ય આદરણીય 'બાપુજી' શ્રી રામજીભાઈ માણેકચંદ દોશી (વર્ષ ૧૦૩)ના સ્વર્ગવાસ બાદ તેમના સુપુત્ર શ્રી સુમનભાઈ દ્વારા, પૂજ્ય બાપુજીની સમતાપરિણામયુક્ત અંતિમ સ્થિતિનું વર્ણન કરતો, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન ઉપર લખવામાં આવેલ ભક્તિભાવભીનો પત્ર.

પરમ પૂજ્ય બેનશ્રીની પવિત્ર સેવામાં, ચેમ્બુર, તા. ૧-૧૨-૮૫

આપણા બાપુજી અને પરમ પૂજ્ય ગુરુદેવના અનન્ય ભક્ત તથા તેમના લાડીલા "ભાઈ"નો દેહવિલય શુક્રવાર તા. ૨૯-૧૧-૮૫ રાત્રે લગભગ ૮-૪૫ વાગ્યે અતિ સમતાપૂર્વક પૂર્ણ જાગૃતિમાં થયો છે; જે પરમ પૂજ્ય ગુરુદેવે અલૌકિક માર્ગ મોક્ષ પામવા માટેનો ચોખ્ખો કરીને બતાવેલો છે તે તેમણે તેમના જીવનમાં ઉતારેલો તેનું ફળ છે.

પૂજ્ય બાપુજીની શરીરની શક્તિઓ નબળી પડતી જતી હતી, તે વિષે અવારનવાર હું શ્રી વજુભાઈને લખતો. પણ જ્યારે તેમને પૂછીએ કે 'તમે કેમ છો?' તો તરત જ જવાબ આવતો કે "હું તો સોળે સોળ આના સરસ છું; તમે કેમ છો?" પછી હું કહેતો કે 'શરીરમાં તો ગડબડ છે?' તો તે અવારનવાર કહેતા કે "શરીર તો જડ છે, આપણું ક્યાં છે? તે તો રાખ થઈ જવાનું છે. જેટલું લક્ષ જાય તે નબળાઈ છે; આત્મા તો અવિનાશી છે વગેરે..."

તેઓ આપને અનેક વાર અતિ ધાર્મિક રુચિથી યાદ કરતા હતા.

ગુરુવારે એટલે તા. ૨૮-૧૧-૮૫ના રોજ સાંજના ૫ વાગ્યાથી પેશાબ આવવાનું બંધ થયેલું. રાત્રે હું તેમની સાથે સૂતો હતો અને દર બે-ત્રણ કલાકે કહેતો કે બાપુજી! તમને પેશાબ નથી આવતો, શરીરમાં ગડબડ છે. તો તેઓ કહેતા કે "મને પણ ગડબડ લાગે છે; અને કદાચ આયુષ્ય પૂરું થઈ જવાનો કાળ આવ્યો છે."

અમે દરરોજ સવારે પાંચ કે છ વાગ્યે ટેપ પૂજ્ય ગુરુદેવના વ્યાખ્યાનની મૂકીએ, તેઓ ખુરશીમાં બેસીને ટોપી અને શાલ ઓઢીને બેસે અને કલાકો સુધી ટેપ સાંભળે, વચમાં "હોંકારા" દેતા જાય. લગભગ ૯ વાગ્યે સવારે થાકે અને ખાટલામાં સૂવાનું કહે. પણ શુક્રવારે મેં તેમને સવારે હંમેશ મુજબ કહ્યું કે "બાપુજી, ચાલો ખુરશીમાં બેસીને ટેપ સાંભળીએ", તો કહે કે મારે સૂઈ રહેવું છે અને ટેપ હું સૂતાં સૂતાં સાંભળીશ. તેથી તે દિવસે તે પથારીમાં જ રહ્યા.

ડૉકટર સવારે ૮ વાગ્યે આવતાં પેશાબ નહોતો આવતો; પણ તેમની ઇચ્છા કંઈ દવા દેવાની ન થઈ કે ઇન્જેકશન દેવાની ન થઈ, કારણ કે ઉંમર પણ હવે ઘણી થઈ હતી અને મને કહ્યું કે એક દિવસ જોઈએ તેમને કેમ રહે છે? ડૉકટરે પૂછ્યું કે "તમે કેમ છો?" તો કહે કે "એકદમ મજામાં છું."

તે વખતે અમને ખ્યાલ નહોતો કે આ છેલ્લો દિવસ છે, તેથી શુક્રવારનો દિવસ ટેપ સાંભળવામાં, મોક્ષશાસ્ત્ર તેમની પાસે વાંચવામાં (અમે હમણાં મોક્ષશાસ્ત્ર તેમની પાસે વાંચતાં અને તેમને જૂના દિવસો યાદ આવતા), ભક્તિનાં ગીતો ગાવામાં ગાળતા હતા. ફક્ત તે દિવસે તેમણે કંઈ પણ ખાવાની ના પાડી (બહુ ઓછું ખાવાનું થઈ ગયું હતું). બીજા ફેરફારમાં આખો દિવસ સૂતા જ નહિ અને આંખો ઉઘાડી રાખીને જ સૂતા રહેલા. હું તેમને પૂછતો કે તમને ઊંઘ નથી આવતી? તો કહે કે 'નથી આવતી'. મેં રાત્રે લગભગ ૮–૧૫ વાગ્યે પૂછ્યું કે પેશાબ નથી આવ્યો, અને ખાવાની ઇચ્છા નથી થતી અને સૂઈ રહો છો તેથી શરીરમાં ગડબડ છે. તો કહે કે "હું મજામાં છું." પછી લગભગ રાત્રે ૮–૪૫ વાગ્યે અમે તેમને પૂછ્યું કે પૂજ્ય ગુરુદેવની ટેપ મૂકશું કે મોક્ષશાસ્ત્ર વાંચશું કે ભજન ગાઈશું? તો કહે કે ભજન ગાવ. અમે 'સહજાનંદી શુદ્ધ સ્વરૂપી...' ગાવાનું ચાલુ કર્યું અને ત્રીજી કે ચોથી વાર ગાયું હશે ત્યાં અચાનક શ્વાસ બંધ થઈ ગયો; અને દીકરી સોનલ જે એકદમ નજીક બેઠેલી તે મને કહે દાદાજીને કંઈક થઈ ગયું છે. અમે સૌ ત્યાં જ કુદરતી રીતે હતા અને મને પણ તેમનું મોઢું જોઈને થયું કે જીવ ઊડી ગયો લાગે છે. આમ તો સૂતા હોય તેવું લાગે. મેં તેમની નાડી હાથમાં લીધી તો કંઈ તેમાં હતું નહિ. પછી દીકરો ચેતન ડૉકટરને બોલાવી લાવ્યો, જેણે કહ્યું કે દેહ-વિલય થઈ ગયો છે.

પૂજ્ય બાપુજી માટે તો બધાને ઘણી ખબર છે અને તેમને વિષે યાદ કરીએ તો ઘણું ઘણું છે, પણ મને બે-ત્રણ વાત ખૂબ યાદ આવે છે.

૧. તે મને ઘણી વખત કહેતા કે 'સુમનભાઇ! મને જિંદગીમાં કોઈ પણ પ્રત્યે કદી દ્વેષની ભાવના જ થતી નથી.'

૨. જ્યારે જ્યારે બીજી બીજી વાત કરીએ તો થોડા વખતમાં કહે કે આ બધું અપ્રયોજનભૂત છે અને પૂજ્ય ગુરુદેવ આ ભવે મળ્યા છે તો પોતાનું કરી લ્યો, વખત થોડો છે.

આપની સુખશાતા સારી હશે. અમે સૌ સહકુટુંબ સોનગઢ તા. ૨૮ ડિસેમ્બરે આપનાં દર્શને આવવાના છીએ. —સુમનના જયજિનેન્દ્ર

—✻—

## સુવર્ણપુરી સમાચાર:—

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભૂમિ અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીમાં રાબેતા મુજબ નિયમિત ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા છે. સવારે જિનેન્દ્રપૂજન ત્યાર બાદ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું સમયસાર શાસ્ત્ર ઉપર [૧૮ મી વખતના] અધ્યાત્મરસભર ટેપ-પ્રવચન, બપોરે બ્ર૦ શ્રી ચંદુભાઈનું શ્રી અષ્ટપાહુડ ઉપર શાસ્ત્રવાંચન, જિનેન્દ્રભક્તિ અને સાંજે શ્રી છ–ઢાળા ઉપર ભાવવાહી શૈલીમાં પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપપ્રવચન—એ રીતે નિયમિત ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા છે.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું શારીરિક સ્વાસ્થ્ય સાધારણતઃ ઠીક છે. તેઓશ્રીના પાવન દર્શન તેમ જ તેઓશ્રીની ગુરુભક્તિભીની સ્વાનુભવગર્ભિત આધ્યાત્મિક તત્ત્વચર્ચાનો લાભ અવારનવાર મળતો રહે છે.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને હીરાથી વધાવવાનો લાભ મળવાની ખુશાલીમાં નાઇરોબીનિવાસી શ્રી પંકજભાઈ પ્રેમચંદભાઈ શાહ તરફથી રૂા. ૫૦૦૧/- સંસ્થાના વિવિધ દાન ખાતાઓ માટે જાહેર કરવામાં આવ્યા છે.

* કૃપાસાગર પૂજ્ય ગુરુદેવશ્રીના પાંચમા વાર્ષિક સમાધિતિથિ પ્રસંગે પાંચ દિવસ દરમિયાન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના ચરણોમાં તેમ જ હાર સ્વરૂપે આવેલી રકમ રૂા. ૯૩૩૦/- જ્ઞાનદાન ખાતે જાહેર કરવામાં આવેલ છે.

* માગશર વદ આઠમ, તા. ૩–૧–૮૬ શુક્રવારના રોજ ભગવાન શ્રી કુંદકુંદ આચાર્યદેવનો 'આચાર્યપદ–દિન' વિશેષ પૂજાભક્તિ પૂર્વક ઉજવવામાં આવશે.

* સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનો પાંચમો વાર્ષિક સમાધિદિન તા. ૩૦–૧૧–૮૫ થી તા. ૪–૧૨–૮૫—પાંચ દિવસના 'ધાર્મિક કાર્યક્રમ' પૂર્વક વૈરાગ્ય તથા ગુરુભક્તિભાવમય વાતાવરણમાં ઉજવવામાં આવ્યો હતો. રોજ સવાર–સાંજ પરમોપકારી કૃપાળુ ગુરુદેવશ્રીના વિડિયો–ટેઈપ પ્રવચનો તેમ જ સાંજે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચાના કાર્યક્રમ ઉપરાંત સર્વશ્રી હિંમતભાઈ ડગલી, શશીભાઈ શેઠ, પ્રાણભાઈ કામદાર તેમ જ ડો. પ્રવિણભાઈ દોશીના શાસ્ત્રપ્રવચનો પણ રાખવામાં આવ્યા હતા. ત્યારબાદ આદરણીય પંડિતજી શ્રી હિંમતભાઈ દ્વારા સુમધુર ભક્તિભાવભીની જિનેન્દ્રભક્તિ કરાવવામાં આવતી હતી. સમાધિદિન નિમિત્તે રાખવામાં આવેલી શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાન પૂજાનો લાભ શ્રી સ્વ. પ્રભુલાલ મોહનલાલ ધીયા હસ્તે શ્રી શાંતાબેન ધીયા-રાજકોટ તથા શ્રી નટવરલાલ પોપટલાલ શેઠ, (બેંગલોર)ને પ્રાપ્ત થયો હતો.

## વૈરાગ્ય સમાચાર :—

* વઢવાણનિવાસી શ્રી દિ. જૈન મુમુક્ષુમંડળના પ્રમુખ શ્રી નંદલાલભાઈ દોશીના માતુશ્રી મણીબેન ( વર્ષ-૯૨ ) તા. ૨૦–૧૧–૮૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મદ્રાસનિવાસી શ્રી જયંતિલાલભાઈ કામદારના ધર્મપત્ની શ્રી ચંપાબેન ( વર્ષ–૬૫ ) તા. ૧૧–૧૨–૮૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ભાવનગરનિવાસી શ્રી નટવરલાલ મગનલાલ મહેતા તા. ૩–૧૨–૮૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સદ્ગત આત્માઓને વીતરાગ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો, વારંવાર સોનગઢ આવીને આત્મકલ્યાણની ભાવનાથી પુષ્ટિ કરતા હતા. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની અસીમ કૃપા વડે પ્રાપ્ત આત્મસંસ્કારબળે તેઓ વીતરાગ દેવ–ગુરુ–ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના........

### * રૂપિયા અઢી લાખનું દાન *

પરમોપકારી પૂજ્ય ગુરુદેવના ભક્ત, મોમ્બાસાનિવાસી ( હાલ લંડન રહેતા ) મુમુક્ષુ ભાઈશ્રી ભગવાનજી કચરાભાઈ શાહ—જેમણે અવારનવાર સોનગઢમાં રહી પૂજ્ય ગુરુદેવના સત્સંગનો તેમ જ તેમના કલ્યાણકારી ઉપદેશનો ઘણો લાભ લીધો છે તેઓ —લગભગ એક માસથી સોનગઢ આવ્યા છે. નંદીશ્વરાદિ ભવ્ય જિનાલયોમાં બિરાજમાન વીતરાગભાવવાહી જિનેન્દ્રભગવંતોનાં દર્શન-પૂજન-ભક્તિથી તથા અધ્યાત્મમૂર્તિ ગુરુદેવનાં ટેઈપ–પ્રવચનાદિથી ગાજતું, સ્વાત્માનુભવી ગુરુદેવનાં પવિત્ર સંસ્મરણો તાજાં કરી પુરુષાર્થને જગાડતું, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં દર્શનથી તથા કદાચિત સાંભળવા મળતા તેમના અનુભવ રસઝરતાં બે શબ્દોથી સમ્યક્ સાધનાપંથને પ્રકાશતું, અહીંનું સાધ્યલક્ષી આત્માર્થપોષક શાન્ત આધ્યાત્મિક વાતાવરણ જોઈને ભાઈશ્રી ભગવાનજીભાઈ અત્યંત પ્રભાવિત થયા અને તે ધર્મોલ્લાસના પ્રતીકરૂપે તેમણે શ્રી જૈન-અતિથિ-સેવાસમિતિના ધ્રુવફંડમાં અઢી લાખ રૂપિયાનું દાન જાહેર કર્યું છે. —•—

### * ગુરુકૃપાથી... *

ગુરુદેવે જ શુદ્ધાત્માનો માર્ગ બતાવ્યો છે. ગુરુદેવે બધાને તૈયાર કર્યા છે. 'તું પુરુષાર્થ કર. પુરુષાર્થ તારે કરવાનો છે. તું તારા અપરાધથી ભટક્યો છો અને તારા જ પુરુષાર્થથી તરવાનું છે.'—આમ ગુરુદેવે જોરદાર વાણી વરસાવી છે. ગુરુદેવે પંચમ કાળમાં ભગવાનો વિરહ ભુલાવ્યો છે. પોતે અંદર તૈયાર થઈ જાય તો દેવ-શાસ્ત્ર-ગુરુ જોરદાર નિમિત્તરૂપે હોય જ છે. અંતરમાં આગળ વધનાર કહે છે કે—આપણને ગુરુના પ્રસાદે મળ્યું છે, આપણને અંતરમાં જે અનુભવ પ્રગટ થયો તે ગુરુની કૃપાથી—પ્રસાદથી જ મળ્યો છે. બધું એય ગુરુદેવને જ છે. બધું ગુરુદેવનાં જ ચરણોમાં છે. આ રીતે ગુરુકૃપાથી જ આગળ વધે છે.


—પૂજ્ય બહેનશ્રી

# સાગરના શેઠ શ્રી ભગવાનદાસજીનું પરલોક-પ્રયાણ

સાગર (મધ્યપ્રદેશ) નિવાસી સમાજરત્ન સમૈયાસમાજશોભા તારણતરણભક્ત શેઠશ્રી ભગવાનદાસજીનું (૮૫ વર્ષ) દેહાવસાન તા. ૬-૧૨-૮૫ના રોજ બપોરે દિલ્હીમાં, હૃદયગતિ બંધ પડી જવાથી, થયું છે. શેઠશ્રીને પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો. તેઓશ્રી તથા તેમના લઘુબંધુ સ્વ. શ્રી શોભાલાલજી—બન્ને ભાઈઓ ઘણા વર્ષોથી પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મરસભીની વાણીનો લાભ લેવા સોનગઢ આવતા અને ઘણો સમય રહેતા. તેમણે સોનગઢમાં પોતાને રહેવા માટે બંગલો તથા યાત્રાળુ મહેમાનોને ઊતરવા માટે વિશાળ મકાન બંધાવેલું છે, જે 'સાગરવાળો બંગલો' નામથી પ્રસિદ્ધ છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવછેદક અધ્યાત્મવાણીથી ખૂબ જ પ્રમુદિત થતા અને તેનો હિન્દુસ્તાનમાં ખૂબ પ્રચાર થાય—એમ ભાવના ભાવતા હતા. તે માટે તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીને સસંઘ સાગર અને મલ્હારગઢ લઈ ગયા હતા, જ્યાં તેમણે મોટો પ્રવચન-સમારંભ યોજીને હજારો શ્રોતાઓને પૂજ્ય ગુરુદેવની હૃદયસ્પર્શી અધ્યાત્મવાણીનો અનુપમ લાભ અપાવ્યો હતો. દોઢેક વર્ષ પહેલાં પૂજ્ય ગુરુદેવશ્રીની ૯૫મી જન્મજયંતીના પાવન પ્રસંગે તેઓ, પોતાની નાદુરસ્ત તબિયત હોવા છતાં, પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સોનગઢ આવેલા અને અત્રે બિરાજમાન શ્રી જિનેન્દ્રભગવંતોનાં અને પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતીમાતા બહેનશ્રી ચંપાબેનનાં દર્શન કરીને તથા સોનગઢની દર્શન, પૂજન, પ્રવચન આદિ દૈનિક ગતિવિધિ પૂર્વવત્ નિયમિત નિહાળીને ખૂબ પ્રસન્ન થયેલા. એ રીતે તેમને ધર્મ પ્રત્યે સારો ઉત્સાહ હતો. સ્વર્ગસ્થ આત્મા વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુના પુનિત પ્રતાપે પ્રાપ્ત કરેલા ધાર્મિક સંસ્કારોના બળે શીઘ્ર પરમ શાન્તિને પામો—એ જ તેમને વૈરાગ્યભાવભીની અંજલિ.

તેમના પરિવાર ઉપર તેમના ચિરવિયોગનું આવી પડેલું જે દુઃખ તેમાં અમે અમારી શોકસમવેદના વ્યક્ત કરીએ છીએ.

દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, તથા
સોનગઢ દિ. જૈન મુમુક્ષુમંડળ



આદરણીય શ્રી રામજીભાઈની સાથે પ્રસન્નતાપૂર્વક
વાતચીત કરી રહેલા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન.

Licences No. 3
'Licensed to post
without prepayment'

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir
Trust, SONGAD-364 250-INDIA

356 A Kantaben M. Ajmera
Modi No 2
Sita Burdy
NAGPUR 440012

સંપાદક : નાગરદાસ બી. મોદી, સોનગઢ
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મં. ટ્રસ્ટ, સોનગઢ